અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૦ જુલાઈ ૨૦૨૩, રવિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, અ.શ્રાવણ સુદ બારસ | અંક : ૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886



# પૂણેમાં શરદ પવાર મોદી સાથે સ્ટેજ શેર કરશે, ઈન્ડિયામાં ચિંતા

## ઈન્ડિયા બ્લોકની ફ્લોર લીડર્સની મીટિંગમાં કેટલાક સભ્યોએ મોદીના કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે પવાર હોવા અંગે ચિંતા વ્યક્ત કરી

। નવી દિલ્હી, તા.૨૯ ।

ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટલ ઈક્લુઝિવ એલાયન્સ એટલે કે ઈન્ડિયાની ત્રીજી બેઠક ૨૫ અને ૨૬ ઓગસ્ટે મુંબઈમાં યોજાવા જઈ રહી છે. પરંતુ તે પહેલા રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના સુપ્રીમો શરદ પવાર ૧ ઓગસ્ટે પુણેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે સ્ટેજ શેર કરવાના છે. આ વાતને લઈ બ્લોકના કેટલાક નેતાઓએ ચિંતા વ્યક્ત કરી છે. પાર્ટીના એક સૂત્રએ જણાવ્યું હતું કે, ગઈકાલે ઈન્ડિયા બ્લોકની ફ્લોર લીડર્સની મીટિંગ દરમિયાન કેટલાક સભ્યોએ મોદીને લોકમાન્ય તિલક એવોર્ડથી સન્માનિત કરવાના કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે પવાર હોવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. સૂત્રએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે એનસીપી નેતા સાથે વાત કરી શકે છે અને તેમને કાર્યક્રમમાં હાજરી ન આપવા વિનંતી કરી શકે છે. સૂત્રએ જણાવ્યું હતું કે, ઈન્ડિયા બ્લોકના કેટલાક નેતાઓને લાગ્યું હતું કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં જ્યારે સમાન વિચારધારા ધરાવતા વિપક્ષી પક્ષો ભાજપ સામે ટક્કર આપવા એકસાથે આવી રહ્યા છે ત્યારે વડાપ્રધાન સાથે સ્ટેજ શેર કરવાથી પવારનો બેકફાયર થશે. સૂત્રએ જણાવ્યું હતું કે, ઈન્ડિયા બ્લોકના કેટલાક નેતાઓને લાગ્યું હતું કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં જ્યારે સમાન વિચારધારા ધરાવતા વિપક્ષી પક્ષો ભાજપ સામે ટક્કર આપવા એકસાથે આવી રહ્યા છે ત્યારે વડાપ્રધાન સાથે સ્ટેજ શેર કરવાથી પવારનો બેકફાયર થશે.

સૂત્રએ એમ પણ કહ્યું કે મોદી સાથે મંચ શેર કરીને, પવાર ઈન્ડિયા બ્લોકની ઈમેજને નુકસાન પહોંચાડશે, જેણે તેને બનાવવા માટે ઘણા પ્રયત્નો કર્યા છે, અને લોકોમાં ખોટો સંદેશ પણ જશે. તેમનું કહેવું છે કે પીએમ મોદીએ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સરખામણી આતંકવાદી સંગઠન ઈન્ડિયન મુજાહિદ્દીન સાથે કરી છે. આ કાર્યક્રમમાં પવાર મોદીને એવોર્ડ આપી શકે છે. સૂત્રએ એમ પણ કહ્યું કે મોદી સાથે મંચ શેર કરીને, પવાર ઈન્ડિયા બ્લોકની ઈમેજને નુકસાન પહોંચાડશે, જેણે તેને બનાવવા માટે ઘણા પ્રયત્નો કર્યા છે,

અને લોકોમાં ખોટો સંદેશ પણ જશે. તેમનું કહેવું છે કે પીએમ મોદીએ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સરખામણી આતંકવાદી સંગઠન ઈન્ડિયન મુજાહિદ્દીન સાથે કરી છે. આ કાર્યક્રમમાં પવાર મોદીને એવોર્ડ આપી શકે છે.

### પ.બંગાળની ચૂંટણીના ૨૦ દિવસ બાદ પણ હિંસા જારી

## બંગાળના ટીએમસીના વિજેતા ઉમેદવારની ગોળી મારીને હત્યા

। કોલકાતા, તા.૨૯ ।

પશ્ચિમ બંગાળમાં પંચાયતની ચૂંટણીને ૨૦ દિવસથી વધુ સમય થઈ ગયો છે પરંતુ ચૂંટણી બાદ પણ લોહિયાળ જંગ ચાલુ જ છે. ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ટીએમસીના વિજેતા ઉમેદવારની રાતના અંધારામાં ગોળી મારીને હત્યા કરી નાખવામાં આવી છે. આ ઘટના શુક્રવારે રાત્રે દક્ષિણ ૨૪ પરગણાના મગરાહત પૂર્વ ગ્રામ પંચાયતના અર્જુનપુર વિસ્તારમાં બની હતી. મૃતકનું નામ મૈમુર ઘરામી છે.

### ઝારખંડમાં મોહરમના જુલુસમાં મોટો અકસ્માત

## તાજિયા હાઈટેન્શન વાયરના સંપર્કમાં આવતાં ચારનાં મોત

### ઝારખંડના બોકારોમાં ૯ લોકો ગંભીર રીતે ઘાયલ થયા, જેમની સારવાર નજીકની હોસ્પિટલમાં ચાલી રહી છે

। બોકારો, તા.૨૯ ।

ઝારખંડના બોકારોમાં આજે વહેલી સવારે મોહરમનું જુલુસ નીકળતી વખતે એક મોટો અકસ્માત સર્જાયો હતો. હાઈ ટેન્શન લાઈનની ચપેટમાં આવી જતાં કુલ ૧૩ લોકો ખરાબ રીતે દાઝી ગયા હતા. જેમાં ચાર લોકોના મોત થયા છે, જ્યારે ૯ લોકોની હાલત ગંભીર છે. અહીં બેરમો વિસ્તારના ખેતરોમાં સવારે ૬.૦૦ વાગ્યે કેટલાક લોકો મોહરમના તાજિયા લઈ રહ્યા હતા ત્યારે ૧૧૦૦૦ વોલ્ટના વાયરની અડફેટે આવી ગયા હતા. જે બાદ વીજ કરંટ લાગવાથી ૪ લોકોના મોત થયા હતા, જ્યારે ૯ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા, જેમની સારવાર નજીકની હોસ્પિટલમાં ચાલી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર તાજિયાને લઈ જતી વખતે ઉપરથી પસાર થતી ૧૧,૦૦૦ વોલ્ટની હાઈ ટેન્શન લાઈન તાજિયામાં ફસાઈ ગઈ હતી, જેના કારણે તાજિયાના જુલુસમાં રાખવામાં આવેલી બેટરીમાં બ્લાસ્ટ થયો હતો. લોકોએ તાત્કાલિક તમામ ઘાયલોને ડીવીસી બોકારો થર્મલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યા હતા. સાથે જ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સના અભાવે લોકોએ ભારે હોબાળો મચાવ્યો હતો. જો કે બાદમાં ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર બાદ બોકારો મોકલવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં કુલ ૧૩ લોકો ઘાયલ થયા છે જેમાંથી ચારના મોત થયા છે. જ્યારે સાતની હાલત ગંભીર છે અને બે લોકોને ઘરે મોકલી દેવામાં આવ્યા છે. આ ઘટના બાદ પરિવારજનો અને ખેતરોમાં રહેતા લોકોમાં ગમગીની છવાઈ ગઈ હતી.

### ચોમાસાની વચ્ચે ધરતી ધ્રૂજતા લોકોમાં ડરનો માહોલ

## આંદામાન-નિકોબાર ટાપુઓ પર ૫.૮ની તિવ્રતાનો ભૂકંપ

। આંદામાન, તા.૨૯ ।

ભારતના આંદામાન અને નિકોબાર ટાપુઓમાં મોડી રાત્રે જોરદાર ભૂકંપ આવ્યો હતો. જર્મન રિસર્ચ સેન્ટર ફોર જીઓસાયન્સિસ અનુસાર આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૮ માપવામાં આવી છે. ભૂકંપનું કેન્દ્ર ૧૦ કિમીની ઊંડાઈએ હતું. જો કે આ ભૂકંપમાં કોઈ જાનમાલના સમાચાર નથી. આ પહેલા અફઘાનિસ્તાનમાં ગઈકાલે સાંજે ૬.૦૯ કલાકે ભૂકંપ આવ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૨ માપવામાં આવી હતી. આગાઉ ૨૩ જુલાઈના રોજ સવારે ૮.૪૬ કલાકે અહીં ભૂકંપ આવ્યો હતો. આ ઉપરાંત અરુણાચલ પ્રદેશમાં પણ ગઈકાલે સવારે લગભગ ૮.૫૦ વાગ્યે ભૂકંપ આવ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર અરુણાચલ પ્રદેશના પેંગિનની ઉત્તરે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૪.૦ માપવામાં આવી હતી.




### ૨૪ લોકોને કરંટ લાગ્યો, ૨ ના મોત થયા

## ધોરાજીમાં તાજીયા ઉપાડતા સમયે મોટી દુર્ઘટના બની

। ધોરાજી, તા.૨૯ ।

ઝારખંડના બોકારોમાં મહોરમના ઝુલૂસ હાઈ ટેન્શન તારની ઝપેટમાં આવતા મોટી દુર્ઘટના સર્જાઈ હતી. જેમાંતાજિયામાં બ્લાસ્ટ થતા ચાર લોકોએ જીવ ગુમાવ્યો છે. ત્યારે રાજકોટ જીલ્લાના ધોરાજીમા રસુલ પરામાં નીકળેલા તાજીયામાં કરંટ લાગતા એકસાથે ૨૪ લોકોને કરંટ લાગ્યો હતો. જેમાં ગંભીર રીતે ઘવાયેલા ૨ લોકોના મોત નિપજ્યા છે. આ અકસ્માતને કારણે આખા શહેરમાં ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ધોરાજીના રસુલ પરા વિસ્તારની આ ઘટના છે. ધોરાજીના રસુલપરામાં તાજીયા ઉપડાતા સમયે ૨૪ જેટલા શખ્સોને વીજ કરંટ લાગ્યો હતો. ધોરાજી રસૂલપરા વિસ્તાર મોહરમના તાજીયાને માતમ માટે માતમ માથી ઉપડતી વેળાએ ૨૪ જેટલા વ્યક્તિઓને શોર્ટ સર્કિટ લાગતા ઈજાગ્રસ્ત થયા છે. તમામને ધોરાજી સરકારી હોસ્પિટલ અને પ્રાઈવેટ હોસ્પિટલમા સારવાર અર્થે ખસેડાયા છે. જેમાં ત્રણ થી ચાર વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ છે. આ ઘટનાને પગલે સરકારી હોસ્પિટલ તથા પ્રાઈવેટ હોસ્પિટલમા લોકોના ટોળે ટોળા એકત્રિત થયા છે. આ ઘટનામાં બે વ્યક્તિઓના સારવાર દરમ્યાન મોત નિપજ્યા છે. સાજીદ જુમા શૌંધી અને જુનેદ હનીફ માંજોઠી નામના બે વ્યક્તિના મોત નિપજતા ધોરાજીમાં શોકનો માહોલ છવાયો છે. મહોરમ દરમિયાન કોઈપણ જાતના ઢોલ નગારા કે ઉત્સવ મનાવાને બદલે શોક મનાવવામાં આવશે તેવો નિર્ણય લેવાયો છે.






## ન્યૂઝ બ્રિફ

### છોટાઉદેપુરના બોડેલીમાં ધોધમાર વરસાદ બાદ રજાનગર બેટમાં ફેરવાયુ

। છોટાઉદેપુર, તા.૨૯ ।

છોટાઉદેપુરના બોડેલીમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. ધોધમાર વરસાદના પગલે રજાનગર બેટમાં ફેરવાયુ છે. લોકોના ઘરોમાં પણ પાણી ભરાતા ઘરવખરીને ભારે નુકસાન પહોંચ્યુ છે. પાણીનો નિકાલ ન થતા લોકોનો તંત્ર સામે રોષ ભભુકી ઉઠ્યો છે. દર ચોમાસે આ પ્રકારે પાણી ભરાઈ જવાની સમસ્યા સર્જાય છે. છતા તંત્રના પેટનું પાણી હલતુ નથી અને પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા કરવામાં આવતી નથી. આજે વરસેલા ધોધમાર વરસાદ બાદ શહેરના રસ્તાઓ પાણી પાણી થયા છે. જ્યાં જુઓ ત્યાં ઘૂંટણસમા પાણી ભરાયેલા છે. માર્ગો જાણે બેટમાં ફેરવાયા છે, જેના કારણે વાહનચાલકોને પણ પારાવાર હાલાકી સહન કરવાનો વારો આવ્યો છે. પાણીનો નિકાલ ન થતા લોકોમાં તંત્ર સામે ભારોભાર રોષ છે. દર વર્ષે આ પ્રકારે પાણી ભરાવાને કારણે લોકોને વ્યાપક નુકસાની વેઠવી પડે છે. જેની તંત્રને તો કંઈ પડી નથી. ત્યારે લોકોને પાણી ભરાવાની સમસ્યામાંથી ક્યારે મુક્તિ મળશે.

### ડિંડોલીમાં ૩ વર્ષીય દિવ્યાંગ બાળકીનું ત્રણ દિવસના તાવ બાદ મોત

। સુરત, તા.૨૯ ।

સુરતમાં રોગચાળો વકર્યો છે. ત્યારે વધુ અસર બાળકો પર જોવા મળી રહી છે. વધુ એક બાળકીનું મોત નિપજ્યું છે. ડિંડોલીમાં ૩ વર્ષીય દિવ્યાંગ બાળકીનું ત્રણ દિવસના તાવ બાદ સિવિલ હોસ્પિટલ લાવતા મોત નિપજ્યું છે. જેથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

સુરત શહેરના ડીંડોલી વિસ્તારમાં આવેલી સહજાનંદ સોસાયટીમાં બનવારી ગોડ પરિવાર સાથે રહે છે અને મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેને એક ત્રણ વર્ષથી દીકરી અનન્યા દિવ્યાંગ હતી. તેને છેલ્લા ત્રણ દિવસથી તાવ આવી રહ્યો હતો.દીકરીને તાવ આવતો હોવાથી પરિવાર દીકરીને લઈને સિવિલ હોસ્પિટલ પહોંચ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તપાસ કરી મૃત જાહેર કરી હતી. દીકરીનાં મોતને લઈને પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. સુરત શહેરમાં છેલ્લા એક અઠવાડિયામાં ૩૦૦થી વધુ જાડા ઉલટી, મલેરિયા સહિત તાવના કેસો નોંધાયા છે.

## મેઘરાજાની રાજ્ય પર મહેર જારી, અનેક વિસ્તારોમાં વરસાદથી હાલાકી

# પાંચ દિવસ રાજ્યના અનેક ભાગમાં ભારે-અતિભારે વરસાદની આગાહી

### પાંચ ઓગસ્ટ સુધી દક્ષિણ ગુજરાત અને દક્ષિણ સૌરાષ્ટ્રના ભાગોમાં ભારે વરસાદ પડશે



। અમદાવાદ, તા.૨૯ ।

હવામાન વિભાગની આગાહી મુજબ શનિવારે વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં ભારેથી અતિભારે, સાબરકાંઠા, અરવલ્લી, નવસારી, તાપી, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથમાં ભારે જ્યારે રવિવારે વલસાડ, નવસારી, દમણ, દાદરા નગર હવેલીમાં ભારેથી અતિભારે, સુરત, તાપી, ડાંગમાં ભારે વરસાદ પડી શકે છે. જો કે હાલની સ્થિતિએ રાજ્યમાં સોમવારથી બુધવાર ભારે વરસાદની સંભાવના નહિવત છે. ફરી એકવાર ચોમાસાની આગાહી મુજબ૨૮ નાં રોજ રાજ્યનાં પશ્ચિમ ભાગોમાં વરસાદની આગાહી કરવામાં આવી હતી. ત્યારે આવનારા ઓગસ્ટ મહિનાનાં પ્રથમ સપ્તાહમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ૫ ઓગસ્ટ સુધી પવન ભેજનું ગેસ્ટ પશ્ચિમ ભારત ઉપર અસર વર્તાવશે. જેનાથી દક્ષિણ ગુજરાત અને દક્ષિણ સૌરાષ્ટ્રના ભાગોમાં ભારે વરસાદ પડશે. તેમણે કહ્યું કે, ઓગસ્ટના પહેલા અઠવાડિયામાં રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ભારે વરસાદ પડશે. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતની નદીઓમાં પૂરની સ્થિતિ જોવા મળશે. સાબરમતી નદી બે કાંઠે વહેતી થશે. તો તાપી અને નર્મદાના જળ સ્રાવમાં પણ વધારો થશે. આગાહી અનુસાર હજુ ગુજરાતમાં સારા વરસાદનાં સંજોગો બની રહ્યા છે. ત્યારે મુંબઈ મહારાષ્ટ્રમાં પણ ૪૦૦ મીમી વરસાદ થશે. તેમજ આહવા ડાંગ, વલસાડ અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની શક્યતા છે. ૨૬ જુલાઈ એ ઓરિસ્સાનાં દરિયામાં ડીપ ડિપ્રેશન મજબૂત બન્યું છે. જેનાથી ઉત્તર ભારતમાં ભારે વરસાદ થશે. રાજ્યમાં ઓગસ્ટનાં પ્રથમ સપ્તાહમાં વરસાદ થશે. મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં ભારે વરસાદ થશે. તેમજ નર્મદા અને તાપી જળસ્તરમાં વધારો રહેશે.

### નવસારી જિલ્લાની નદીઓ ભારે પાણીથી ગાંડીતૂર બની છે.

**મોડી રાતથી દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં અતિભારે વરસાદ તૂટી પડ્યો છે. જેમાં સૌથી વધુ વરસાદ નવસારી જિલ્લામાં જોવા મળ્યો. નવસારી જિલ્લાની નદીઓ ભારે પાણીથી ગાંડીતૂર બની છે. પુર્ણા, અંબિકા અને કાવેરીમાં ઘોડાપૂર જેવી સ્થિતિ ઉદભવી છે. પૂર્ણા નદી ભયજનક સપાટીથી માત્ર એક ફૂટ દૂર છે. તો અંબિકા નદી ભયજનક સપાટીથી ત્રણ ફૂટ દૂર છે. કાવેરી નદી ભયજનક સપાટીથી છ ફૂટ દૂર છે. પાણી ભરાઈ જતા નવસારી શહેરના નીચાણવાણા વિસ્તારો એલર્ટ કરાયા છે. જિલ્લાની શાળા અને કોલેજોમાં રજા જાહેર કરાઈ છે. નવસારી શહેરમાં રાત્રી દરમ્યાન ભરાયેલા વરસાદના પાણી ઉતર્યા બાદ પૂરનો ખતરો તોળાઈ રહ્યો છે. જિલ્લાનું વહીવટી તંત્ર પરિસ્થિતિને પહોંચી વળવા માટે સુસજ્જ બન્યું છે.**

### બરવાળા તાલુકા ભાજપ પ્રમુખ વિરુધ્ધ અરજી

## બીજેપી નેતા સામે વ્યાજે પૈસા આપી પઠાણી ઉઘરાણી કરવાની ફરિયાદ

### એક અઠવાડિયામાં બીજીવાર વ્યાજને લઈ અલગ અલગ ૨ વ્યક્તિ દ્વારા પોલીસમાં અરજી કરવામાં આવી છે

। બોટાદ, તા.૨૯ ।

બરવાળા તાલુકા ભાજપ પ્રમુખ વિરુધ્ધ વ્યાજને લઈ પોલીસ મથકમાં અરજી કરવામાં આવતા રાજકારણ ગરમાયું છે. ૨૪ જુલાઈ બાદ ફરી એકવાર બરવાળા તાલુકા ભાજપ પ્રમુખ સુરેશ ગઢીયા વિરુધ્ધ વ્યાજને અરજી કરવામાં આવી છે. એક અઠવાડિયામાં બીજીવાર વ્યાજને લઈ અલગ અલગ ૨ વ્યક્તિ દ્વારા પોલીસમાં અરજી કરવામાં આવી છે.

રોજીદ ગામના ખોડાભાઈ પનારા દ્વારા વ્યાજે લીધેલ રકમ ચૂકવી આપ્યા બાદ પણ પઠાણી ઉઘરાણી કરતા હોવાની અરજીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ અંગે સામે આવેલી વિગતો અનુસાર ૨૦૧૩ માં અઢી લાખ રૂપિયા ૩% (ટકા)ના વ્યાજે લીધેલા હતા. જેનું વ્યાજ ૩%(ટકા) લેખે ચૂકવેલ હોવાનો અરજીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ફરિયાદી દ્વારા ૨૦૧૭ માં અઢી લાખની રકમ પોતાનો પ્લોટ વહેંચી ચુકવેલ હોય તેમ છતા સુરેશભાઈ ઉઘરાણી કરતા હોય તેવું અરજીમાં જણાવવામાં આવ્યું છે. બીજેપી નેતા સુરેશ ગઢીયા દ્વારા માર મારવા તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપતા હોય તેવું રેકોર્ડિંગ ફરિયાદી પાસે હોવાનો અરજીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બરવાળા તાલુકા ભાજપ પ્રમુખ વિરુધ્ધ વ્યાજની પઠાણી ઉઘરાણીને લઈ સતત ફરિયાદ થતાં રાજકારણ ગરમાયું છે. ફરિયાદી ખોડાભાઈ પનારા દ્વારા સુરેશ ગઢીયા વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરાઈ તેવી માંગ કરી છે.

## ચાવી બનાવવાના બહાના હેઠળ રેકી કરી રાત્રે ઘરફોડ ચોરી કરતા બે ઝડપાયા

। સુરત, તા.૨૯ ।

સુરતમાં ચાવી બનાવવાના બહાના હેઠળ રેકી કરી રાત્રીના સમયે ઘરફોડ ચોરીના ગુના આચરનાર રીઢા સીકલીગર આરોપીઓને સુરત ક્રાઈમ બ્રાંચની ટીમે ઝડપી પાડ્યા છે. પોલીસે આરોપી પાસેથી ૩.૧૦ લાખની કિમતનો મુદામાલ જપ્ત કર્યો છે અને૧ ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો છે. જેમાં સુરત ક્રાઈમ બ્રાંચનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમ્યાન બાતમીના આધારે સરથાણા નવજીવન હોટેલ પાસેથી આરોપી પરબતસિંગ દિલીપસિંગ ડાંગી ચસીકલી તથા લાખનસિંગ ગોવિંદસિંગ ચૌહાણ ચસીકલીૃ ને ઝડપી પાડ્યા હતા. જેમાં પોલીસે આરોપીઓ પાસેથી ૯૨ હજારની કિમતના સોના ચાંદીના દાગીના, ૧.૪૮ લાખની રોકડ, ઈંગ્લેન્ડ કરન્સી અલગ અલગ પાઉન્ડ ૫૦, અલગ અલગ બેંકોના ૧૧ ડેબીટ કાર્ડ, એક બાઈક મળી કુલ ૩.૧૦ લાખની મત્તા કબજે કરી હતી.

પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે આરોપી પરબતસિંગ ડાંગી સુરત શહેર વિસ્તારમાં ફરી ડુપ્લીકેટ ચાવી બનાવવાનું કામકાજ કરી તેના બહાના હેઠળ સોસાયટીમાં રેકી કરી ચોરી કરતો આવયો છે. ભૂતકાળમાં શહેર વિસ્તારના અલગ અલગ પોલીસ મથકમાં પણ તે પકડાઈ ચુક્યો છે. તથા લાખનસિંગ ચૌહાણ સરથાણા જકાતનાકા વિસ્તારમાં ચાવીઓ બનાવવાનું કામકાજ કરતો આવ્યો છે. જે ભૂતકાળમાં આર્મ્સના ગુનામાં પણ પકડાઈ ચુક્યો છે. તેઓ સમશેરસિંગ ચૌહાણ ચસીકલીગરૃ સાથે મળી આજથી વીસથી પચ્ચીસ દિવસ પહેલા રાત્રીના સમયગાળા દરમ્યાન બાઈક પર ત્રણ સવારી થઈ કામરેજ સેગવાગામની સીમમાં આવેલા બંધ મકાનનું તાળું તોડી સોના ચાંદીના દાગીના, રોકડ રકમ તેમજ એટીએમ કાર્ડની ચોરી કરી હતી. જેની બાદમાં કડોદરા બસ સ્ટેન્ડ પાસે આવેલા એટીએમમાં જઈને ચોરી કરેલા એટીએમ દ્વારા આશરે ૨ લાખ રૂપિયા ઉપાડી લીધા હતા. પોલીસ તપાસમાં કામરેજ પોલીસ મથકમાં નોંધાયેલા ગુનાનો ભેદ ઉકેલાઈ ગયો હતો, વધુમાં આરોપી પરબતસિંગ ભુતકાળમાં ખટોદરા, ઉમરા અને અઠવા પોલીસ મથકમાં ચોરીના ગુનામાં પકડાયો હતો જયારે આરીપી લાખનસિંગ ડીસીબી પોલીસ મથકમાં આર્મ્સ એક્ટના ગુનામાં પકડાયો હતો. હાલ પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## આર.ટી.ઓની મિલી ભગતથી ચાલતા કૌભાંડમાં પોલીસે કરી ૩ આરોપીની ધરપકડ

। અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદ સાયબર ક્રાઈમ એ ટ્રેક ટેસ્ટ વગર લાયસન્સ ઈસ્યુ કરવામાં આવતા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. એ.આર.ટી.ઓની મિલી ભગતથી ચાલતા આ કૌભાંડમાં પોલીસે ૩ આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓ ટેકનિકલ છેડછાડ કરીને લાયસન્સ ઈસ્યુ કરાવી આપતા હતા. RTOમાં લાયસન્સને લઈને ચાલતી લાલિયાવાડી દૂર કરવા માટે વાહન વ્યવહાર વિભાગ દ્વારા ટેસ્ટ ટ્રેક બનાવવામાં આવ્યો છે. જો કે ટ્રેક ટેસ્ટ પાસ કરવી અઘરી બનતા કેટલાક લોકોએ શોર્ટ કટમાં બારોબાર લાયસન્સ મેળવવાનો કારસો રચ્યો અને ગાંધીનગર RTOમાં ફરજ બજાવતા બે છઈઓની મિલીભગતથી એજન્ટોએ ટેસ્ટ આપ્યા વગર જ લાયસન્સ ઈસ્યુ કરાવી આપવાના કૌભાંડની શરૂઆત કરી. આરોપીઓ ૧૦ હજાર રૂપિયામાં એક લાયસન્સ ઈસ્યુ કરાવી આપતા હતા. જો કે આર ટી ઓના અધિકારીને આ બાબતની જાણ થતાં તેમણે અમદાવાદ સાયબર ક્રાઈમમાં ફરિયાદ દાખલ કરાવી હતી. જેના આધારે પોલીસે તપાસ કરી એઆરટીઓ સમીર રતનધારિયા, જયદીપસિંહ ઝાલા અને એજન્ટ ભાવીન શાહની ધરપકડ કરી છે. આરોપીઓની પૂછપરછમાં સામે આવી છે કે અત્યાર સુધીમાં તેઓએ આ રીતે નવ લાયસન્સ ઈસ્યુ કરાવી આપ્યા છે. આરોપીઓ ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવા માટે અરજદારો દ્વારા કરવામાં આવતી અરજીઓમાં ટેસ્ટ લીધા વગર જ લાયસન્સ કરાવી આપતા હતા.

### છોટાઉદેપુરમાં અકસ્માતની ઘટના સામે આવી

## બહેનના ઘરેથી પરત ફરતા ભાઈને કારે અડફેટે લેતા મોત

### સોમવારે બનેલી અકસ્માતની ઘટનાના સીસીટીવી સામે આવ્યા છે, પોલીસે આ મામલે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે

। છોટાઉદેપુર, તા.૨૯ ।


અમદાવાદ ઈસ્કોન બ્રિજ ખાતે બનેલી અકસ્માતની ઘટના જેવી ઘટના છોટાઉદેપુરમાં સામે આવી છે. છોટાઉદેપુરમાં પુરપાટ ચાલતી કારે રાહદારી યુવાનને હવામાં ફંગોળતા સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. યુવાનને ગંભીર ઈજા થતા સારવાર અર્થે વડોદરા એસ.એસ.જી હોસ્પિટલમાં ખસેડાયો હતો. સોમવારે બનેલી અકસ્માતની ઘટનાના સીસીટીવી સામે આવ્યા છે. પોલીસે આ મામલે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.છોટાઉદેપુર હાઈસ્કૂલ પાછળ આ અકસ્માતમી ઘટના બની હતી. ઘાયલ ૩૫ વર્ષીય હર્ષદભાઈ મારવાડી પોતાના બહેનના ઘરે ગયા હતા ત્યારે અકસ્માતની ઘટના બની હતી. હર્ષદભાઈ વડોદરાના પરશુરામ ભઠ્ઠોના મારવાડી મહોલ્લામાં રહેતા હતા. એમના પરિવારમાં માતા છે અને તેઓ તેમની સાથે જ રહી છુટ્ટક મજૂરી કરતા હતા. એસ.એસ.જી હોસ્પિટલના સર્જીકલ આઈ.સી.યુમાં ૨ દિવસની સારવાર બાદ મોત નીપજ્યું.છોટાઉદેપુર ખાતે બહેનને ત્યાં ગયેલા હર્ષદભાઈ મારવાડી રસ્તે પસાર થઈ રહ્યા હતા ત્યાંજ પુર ઝડપે આવતી ઈન્ડિકા કાર ચાલક રોહિત નાયરે તેમને અડફેટે લીધા હતા, સોમવારે બનેલી અકસ્માતની ઘટનામાં ગંભીર રૂપે ઘાયલ હર્ષદભાઈને વડોદરા ની એસ.એસ.જી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. જ્યાં ૩ દિવસ આઈ.સી.યુમાં સારવાર અપાયા બાદ આજે તેમનું મૃત્યુ થયું હતું. એસ.એસ.જી હોસ્પિટલના પીએમ રૂમ ખાતે તેમના પાર્થિવ દેહને પીએમ માટે ખસેડાયો છે.

## વિશેષ લેખ

### મોક્ષદાયિકા સાત નગરીઓમાં અયોધ્યા, મથુરા આદિની સાથે કાશી પણ એક છે

# કાશી ઉર્ફે બનારસ ઉર્ફે વારાણસીનો ઇતિહાસ, પરંપરા અને પૌરાણિક પ્રખ્યાત કથાઓ

### શિવને સમર્પિત જ્યોતિર્લિંગ, કાશી વિશ્વનાથ મંદિરનું મહાત્મ્ય, શિવ નગરી કાશી



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ

આ વખતે અધિક અને શ્રાવણ બે પવિત્ર માસનો શુભગ સમન્વય થયો છે. એટલે વિચાર્યું કે આ વખતે કોઈ ધાર્મિક તીર્થયાત્રા કરીએ. જ્યોતિએ પસંદગી ઉતારી ૧૨ જ્યોતિર્લિંગમાનું એક જ્યોતિર્લિંગ તે એક કાશી વિશ્વનાથ મન્દિરનું જ્યોતિર્લિંગ. એનું પાછળનું એક તર્ક એ હતું કે અમે અત્યારસુધીમાં ૯ જ્યોતિર્લિંગના દર્શન કરી ચુક્યા હતાં જેમાં કાશી વિશ્વનાથ મન્દિરનું જ્યોતિર્લિંગ દર્શન બાકી હતું. એટલે નક્કી કર્યું કે અબકી બાર કાશી .કેવી રીતે જવું ? ટ્રેનમાં ૨૭કલાક થાય તો પ્લેનથી ત્રણ કલાકમાં વારાણસી પહોંચી જવાય. મારી સાથે જ્યોતિ અને દીકરી રૂજૂતા ત્રણેની વડોદરાથી ફ્લાઈટ બુક કરી. વડોદરાથી વારાણસી માત્ર ત્રણ કલાકમાં પહોચવાનું હતું પણ દિલ્હી દોઢ કલાકનો હોલ્ટ હતો. દિલ્હીથી માત્ર એક કલાકમાં વારાણસી પહોચી ગયા.

અમે રાજપીપલાથી નીકળ્યા ત્યારે અહીં સારો વરસાદ અને ઠંડક પણ હતી. પણ વારાણસી પહોચ્યા ત્યારે ત્યાંનુ તાપમાન ૩૫ ડિગ્રી હતું વરસાદનું તો નામો નિશાન નહોતું એટલે અહીં અસહ્ય ગરમીનો સામનો કરવો પડયો. અહીંઆવી અસહ્ય ગરમીમાં હોટેલ એ. સી. અને બાય કારનો પ્રવાસ એ. સી. માં હોયતો જ તમે ફરી શકો.વારાણસી પહોંચ્યા પછી કાશી વારાણસી વિશે જાણકારી મેળવવાનું શરૂ કર્યું જુદા જુદા મંદિરો સ્થળોની મુલાકાત લીધી . થોડી પૂછપરછ કરી તો ઘણી જાણકારી મળી. આમ તો હિંદુઓનું મુખ્ય તીર્થ સ્થળ અને ભારતની ધાર્મિક રાજધાની વારાણસી ગણાય છે.વારાણસી ભારતના જેરૂસલેમ તરીકે પણ ઓળખાય છે. એ ભારતનું સૌથી પ્રાચીન અને પવિત્ર શહેર છે. જે પરમહંસ યોગાનંદના પરમ ગુરુજી, શ્રી લાહિરી મહાશય સહિતના પૂજ્ય પુરુષો દ્વારા આશીર્વાદિત છે. વારાણસી શહેર બનારસ નામથી પણ ઓળખાય છે. જ્યાં સમગ્ર વિશ્વના પર્યટકો અહીં આવે છે.જે ઉત્તર ભારતનું એક મુખ્ય ધાર્મિક કેન્દ્ર પણ છે. બુદ્ધે બૌદ્ધ ધર્મની સ્થાપના અહીં પણ કરી હતી. સંત તુલસીદાસે પણ રામ ચરિત માનસ આ શહેરમાં લખ્યું હતું .આદિ શંકરાચાર્યએ પણ આ શહેરમાં સ્થાપિત શિવ સંપ્રદાયની સ્થાપના કરી હતી . ભારતના આ વેદ શહેરને કાશી તરીકે પણ ઓળખવામાં છે.જેનો અર્થ 'પ્રકાશવું' અર્થાત પ્રકાશનો પ્રકાશ એવો થાય છે . કબીર તેમજ અન્ય પ્રખ્યાત સંતનો જન્મ પણ આ જ શહેરમાં થયો હતો.

કાશી વિશ્વનાથ મંદિર હિંદુ ધર્મનું સૌથી જાણીતું મંદિર છે. જે ભગવાન શિવને સમર્પિત છે. આ મન્દિર બાર જ્યોતિર્લિંગોમાંનું એક છે. અહીંના મુખ્ય દેવ વિશ્વનાથ અથવા વિશ્વેશ્વરા તરીકે જાણીતા છે. જેનો અર્થ વિશ્વનાનાથ એવો થાય છે.

કાશી શિવની નગરી ગણાય છે. મોક્ષદાયિકા સાત નગરીઓમાં અયોધ્યા, મથુરા આદિની સાથે કાશી પણ એક છે. હજારો વરસોથી લાખો યાત્રીઓ કાશીની જાત્રા કરવા આવે છે કાશીની ઉત્તરવાહિની ગંગા છે .



આ નગરી કાશી, બનારસ અને વારાણસીના નામે ઓળખાય છે. પહેલાં હું પણ કન્ફ્યુઝ થયો હતો કે આ ત્રણ શહેર જુદા જુદા હશે? પણ પછી જાણ્યું કે વારાણસીનું જૂનું નામ કાશી છે.તમે કાશી કહો કે વારાણસી કે પછી બનારસ? આમ તો ત્રણે એકજ છે પણ ત્રણેય જુદા જુદા પ્રત્યય કરાવે છે. કાશી અને વારાણસીની સરખામણીએ બનારસ આધુનિક, કદાચ અંગ્રેજોના આવ્યા પછીનું પ્રચલિત નામ છે. કાશી બોલો એટલે હિંદુ ધર્મનું અને હિન્દુનું હૃદયકેન્દ્ર સમજાય. એની એક જુદી જ ભાવમૂર્તિ જાગે. શિવના ત્રિશૂલ પર વસેલી કાશી. મોક્ષદાયિની કાશી, મરણં, મંગલં યત્ર-એવી કાશી, દરેક હિંદુના હૃદયમાં વસેલી કાશી.જયારે વારાણસી બોલો એટલે એક સમૃદ્ધ ભર્યાભાદર્યા ઐતિહાસિક નગરનો બોધ થાય, વિશેષ તો બૌદ્ધકાલીન નગરનો. જાતકોમાં વારાણસીનો વારંવાર ઉલ્લેખ આવે છે. એક સાંસ્કૃતિક, વ્યાવસાયિક નગર. બનારસ બોલીએ એટલે આજનું આ શહેર સમજાય. મુઘલ અને અંગ્રેજી સંસ્કૃતિથી પ્રભાવિત. બનારસ સાથે ધર્મબોધ કે સાંસ્કૃતિક બોધ નથી જાગતો. પણ એના ફક્કડ મસ્ત સ્વભાવનો પરિચય જાગે.

કાશી માટે ઘણું બધું વખણાયું છે.બનારસથી બનારસી સાડી કે બનારસી પાન સુધી નામ જાણીતું થયું છે .

દેશભરના લોકો માટે બનારસી સાડીઓ અને બનારસી પાન દેશભરમાં ખૂબ જ પ્રખ્યાત છે.

કાશીના ધાર્મિક મહત્વને કારણે જ ગુજરાતીમાં કહેવત "સુરતનું જમણ અને કાશીનું મરણ." ખૂબ જાણીતી છે.

આ શહેર તેની મીઠાઈઓ માટે પણ જાણીતું છે. રબડી મલાઈ બલાઈ એક લોકપ્રિય મીઠાઈ છે. વારાણસીમાં આલૂ ચાટ અને પાણીપુરી જેવા સ્ટ્રીટ ફૂડનો પણ આનંદ માણી શકો છો.અહીંનું બનારસી પાન પણ ખૂબ પ્રખ્યાત છે. પાન ખાધા પછી ખઈકે પાન બનારસ વાલા.. ગીતની પંક્તિ યાદ આવી જાય. આજે સરકારી નામ ફરી પાછું વારાણસી થયું છે. આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અહીંથી જ સાંસદ તરીકે ચૂંટાયા છે . ઉત્તર પ્રદેશ રાજ્યના વારાણસી જિલ્લાનું મુખ્ય મથક છે. વારાણસી ગંગા નદીને તીરે વસેલું શહેર છે અને તેની ગણના વિશ્વનાં સૌથી જુના વસેલા અને સતત વસવાટ ધરાવતા શહેરોમાં થાય છે.વારાણસી શહેર હિન્દુઓનું મુખ્ય તીર્થ સ્થળ છે.જ્યાં માત્ર દેશ જ નહીં પણ વિદેશથી પણ લાખો લોકો પ્રવાસીઓ અહીંની સંસ્કૃતિને સમજવા માટે આવે છે. કાશી અર્થાત્ કર્મોનું કર્ષણ કરનારી નગરી. કર્મબંધનોને કાપનારી નગરી.વરુણા અને અસિ નામની નદીઓના જળ અહીં ગંગા નદીમાં એકરૂપ થાય છે અને એટલે જ આ નગરી 'વારાણસી'ના નામે પણ ખ્યાત થઈ છે. આ ધરા પર સુવર્ણથી શોભાયમાન સ્થાનક મધ્યે દેવાધિદેવ સમસ્ત સંસારના 'નાથ'ના રૂપે વિદ્યમાન થયા છે. તેમનું આ દિવ્ય સ્વરૂપ 'કાશી વિશ્વનાથ'ના નામે પ્રસિદ્ધ છે. આમ તો સંપૂર્ણ કાશી જ 'શિવ' સ્વરૂપ મનાય છે. પરંતુ આપની કાશીની યાત્રા ત્યાં સુધી પૂર્ણ નથી થતી કે જ્યાં સુધી આપ 'કાશી વિશ્વનાથ'ના દર્શન ન કરી લો. બાર જ્યોતિર્લિંગમાં કાશીવિશ્વનાથ નવમું સ્થાન ધરાવે છે અને તેમના દર્શનની આગવી જ મહત્તા છે. શિવભક્તો મહેશ્વરના 'કાશી વિશ્વનાથ' રૂપના દર્શનાર્થે જ કાશી આવે છે. અહીં કાશીનું ધાર્મિક માહાત્મ્ય વિશેષ છે. સહુથી મોટા પુરાણ સ્કન્દ મહાપુરાણમાં કાશીખંડ નામથી એક વિસ્તૃત પૃથક વિભાગ આલેખવામાં આવેલ છે. આ નગરીના બાર પ્રસિદ્ધ નામ છે. જેમ કે કાશી, વારાણસી, અવિમુક્ત ક્ષેત્ર, આનન્દકાનન, મહાશ્મશાન, રુદ્રાવાસ, કાશિકા, તપઃસ્થલી, મુક્તિભૂમિ, શિવપુરી, ત્રિપુરારિરાજનગરી અને વિશ્વનાથનગરીછે.સ્કન્દપુરાણમાં કાશી નગરીના મહિમાના ગુણ-ગાન ગવાયા છે. વારાણસીનો ઈતિહાસ પરંપરા અને તમામ પૌરાણિક કથાઓ કરતા વધુ જૂનો છે. અને જો આ બધી વાત એકબીજા સાથે ઉમેરવામાં આવે તો પણ બનારસ ઘણું જૂનું છે. હિંદુઓના સૌથી પ્રાચીન ધાર્મિક ગ્રંથ 'ઋગ્વેદ' માં કાશીનો ઉલ્લેખ છે, આ શહેરની સ્થાપના ભગવાન શિવ દ્વારા આશરે ૫૦૦૦ વર્ષ પહેલા કરવામાં આવી હતી, પૌરાણિક માન્યતાઓ અનુસાર, આ શહેર ભગવાન શિવ અને માતા પાર્વતીનું નિવાસસ્થાન હતું.

## ન્યૂઝ બ્રિફ

### એક પછી એક કેસના લીધે ડોનાલ્ડ ટ્રમ્પના ચૂંટણી લડવા સામે શંકા



। વોશિંગ્ટન, તા.૨૯ ।

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મુશ્કેલી વધતી જ જઈ રહી છે. તેમની સામે વધુ એક કેસ દાખલ થયો છે. આરોપ છે કે ટ્રમ્પે ગુપ્ત દસ્તાવેજોની તપાસમાં અવરોધ પેદા કરવા માટે ફ્લોરિડામાં આવેલા તેમના નિવાસ માર એ લાગોમાં લગાવાયેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ ડિલીટ કરી દીધા છે. જે રીતે ટ્રમ્પ સામે એક પછી એક કેસ દાખલ થતા જઈ રહ્યા છે તેનાથી લાગે છે કે તેઓ આગામી રાષ્ટ્રપતિ પદની ચૂંટણી કદાચ નહીં લડી શકે. તેમની સામે અનેક ગંભીર આરોપો લાગી ચૂક્યા છે. જેના લીધે તેમની વિશ્વસનીયતાને મોટું નુકસાન થયું છે. ફેડરલ પ્રોસીક્યૂટર દ્વારા ટ્રમ્પ સામે આ મામલે વધુ એક કેસ દાખલ કરાવાયો હતો. ઉલ્લેખનીય છે કે ટ્રમ્પના એક પ્રતિનિધિએ ડિસેમ્બર ૨૦૨૧માં નેશનલ આર્કાઈવ્સને જણાવ્યું હતું કે તેમના નિવાસ માર એ લાગોમાં રાષ્ટ્રપતિ સંબંધિત અનેક રેકોર્ડ મળી આવ્યા હતા.

### અંજુએ ભારતીય પતિ પાસે છૂટાછેડા માગ્યા, સીમા અંગે દ્વીધા યથાવત



। ઈસ્લામાબાદ, તા.૨૯ ।

ભારતીય અંજુ અને પાકિસ્તાની સીમા હૈદરને લઈને ચાલી રહેલો વિવાદ હજુ શાંત થવાનું નામ લઈ રહ્યો નથી. પાકિસ્તાનમાં નસરુલ્લાહ સાથે રહેતી અંજુએ પોતાના ભારતીય પતિ અરવિંદ પાસે છૂટાછેડા માગ્યા છે. તો પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે અંજુને લઈને એક મોટુ નિવેદન આપ્યું છે. પાકિસ્તાની પ્રવક્તા મુમતાઝ ઝહરા બલોચે કહ્યું કે, અંજુ કાયદેસર રીતે પાકિસ્તાનમાં આવી છે. તો સીમા હૈદર પર કહ્યું કે, ભારતે હજુ સુધી તેમને કાઉન્સેલર એક્સેસ આપ્યો નથી. એટલા માટે જ સીમાની પાકિસ્તાની નાગરિકતાની હજુ સુધી કોઈ પણ પ્રકારની પુષ્ટિ થઈ શકી નથી. પાકિસ્તાની પ્રવક્તાએ એવું પણ કહ્યું કે, ભારતે હજુ સુધી સીમા હૈદરને લઈ કાઉન્સેલર એક્સેસ આપ્યો નથી. તો અંજુ કાયદેસર રીતે પાકિસ્તાનમાં આવી છે અને દસ્તાવેજો પણ કાયદેસરના છે. અંજુ અને સીમા હૈદરને લઈ હજુ પણ વિવાદ એમનો એમ જ છે. પાકિસ્તાનની પોલીસ દ્વારા એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, અંજુએ નસરુલ્લાહ સાથે નિકાહ પણ કરી લીધા છે. એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે, અંજુએ ઈસ્લામ ધર્મ અપનાવી લીધો છે અને હવે તે ફાતિમા બની ગઈ છે. જો કે, અંજુએ આ બંને દાવાને નકાર્યા હતા. અંજુનું કહેવું છે કે, મેં નિકાહ કર્યા નથી. તે ટૂંક જ સમયમાં ભારત પરત આવશે. આ દરમિયાન અંજુના પતિ અરવિંદે ખુલાસા કર્યા છે કે, ૨૫ જુલાઈના રોજ છેલ્લે તેની વાત અંજુ સાથે થઈ હતી. આ દરમિયાન અંજુએ મારી પાસે છૂટાછેડા માગ્યા હતા. અંજુને ત્યાં સુધી મારી પાસે નહીં રાખુ કે જ્યાં સુધી બાળક નહીં કહે.

અરવિંદે કહ્યું કે, બાળકો અંજુને પોતાની સાથે રાખવા માગતા નથી. દાવો કરવામાં આવી રહ્યો છે કે, અંજુ પોતાના બાળકોને લઈને પાકિસ્તાન જવા માગે છે. એવું પણ સામે આવ્યું છે કે, પાકિસ્તાનની સરકાર અંજુને નોકરી પર પણ રાખવા માગે છે. આ વાતનો ખુલાસો ખુદ નસરુલ્લાહે કર્યો હતો. ત્યારે પાકિસ્તાનની ઈચ્છા પર પણ સવાલો ઉઠી રહ્યા છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, પાકિસ્તાન સરકાર અંજુ અને નસરુલ્લાહના નિકાહને સમર્થન આપી રહી હતી.



સમગ્ર દેશમાં જ્યા તાઝિયા મોહરમની તૈયારીઓ ચાલી રહી હતી ત્યા નાગપુરમાં કારીગર દ્વારા 'તાઝિયા' બનાવવામાં આવી રહ્યા હતા...

### શું તમે ક્યારેય દેડકા અને દેડકીના લગ્ન જોયા છે?

## વરસાદ માટે કરાવાય છે દેડકા અને દેડકીની લગ્ન

। નવી દિલ્હી, તા.૨૯ ।

એવું કહેવામાં આવી રહ્યું છે કે, મસાલિયામાં સતત બીજા વર્ષે આવા લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. વાસ્તવમાં આ વિસ્તારના ખેડૂતો વરસાદના અભાવે ચિંતિત છે. વરસાદ માટે પ્રકૃતિની પૂજા કરવાની પરંપરા રહી છે અને આ માટે આદિવાસી સમાજ વિવિધ યુક્તિઓનો આશરો લે છે. આ ક્રમમાં ગ્રામજનોએ સંગીત સાથે દેડકા-દેડકીના લગ્ન કરાવ્યા. એક તરફ દેડકો વર બન્યો આ ઉપરાંત દેડકાને દુલ્હનની જેમ શણગારવામાં આવ્યા હતા. વરરાજાના પક્ષે તમામ ધાર્મિક વિધિઓ સાથે સરઘસ કઢાયું હતું, જ્યારે બીજી તરફ દેડકીના પક્ષે લગ્નની તમામ વિધિઓ પૂર્ણ કરવામાં આવી હતી. ગોલપુરમાં ગામના વડા શિવધન હેમરામના નેતૃત્વમાં લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. ગોલપુરના પુડવાડ ટોલાના રહેવાસી રામ મુર્મુ સંગીત અને સંબંધીઓ સાથે કન્યા પક્ષ ગોલપુર ગામના તાલતોલાના રહેવાસી ગામના વડા શિવધન હેમરામના ઘરે પહોંચ્યા. બારાતીઓના આગમન પર, કન્યા પક્ષ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આદિવાસી સમાજમાં કરવામાં આવતી તમામ વિધિઓ પૂર્ણ કરવામાં આવી હતી. જે બાદ નાયકી રામ મુર્મુ, જગમજી બાબુધન હેમરામે માજી થાન સ્થિત મંડપમાં આદિવાસી રીત-રિવાજ મુજબ દેડકા સાથે દેડકીના લગ્ન કરાવ્યા હતા.

# મૃત દર્શાવેલી માતાની સાથે શખ્સનું 3 દાયકા બાદ મિલન

### જગજીતના પિતાના અવસાન બાદ માતાના મા-બાપે બીજા લગ્ન કરાવી દેતાં જગજીતના દાદા-દાદી સાથે લઈ ગયા હતા

। પટિયાલા, તા.૨૯ ।

પૂરમાં રેસ્ક્યૂનું કામ કરી રહેલા જગજીત સિંહ પોતાના મિશનમાં વ્યસ્ત હતા. પૂરમાં ફસાયેલા લોકોને તેઓ મદદ કરતા હતા અને બહાર કાઢતા હતા ત્યારે એમને અંદાજો પણ નહોતો કે નિઃસ્વાર્થ ભાવે કરેલા આ કામનું સુખદ ફળ મળશે. બચાવ કાર્ય દરમિયાન જગજીતને જિંદગીની સૌથી મોટી ભેટ મળી છે. ગત અઠવાડિયે કરેલા બચાવ કાર્ય દરમિયાન જગજીતને તેની મમ્મી મળી ગઈ. બાળપણમાં જગજીતને કહેવામાં આવ્યું હતું કે, તેના માતાપિતાનું રોડ અકસ્માતમાં મોત થયું છે. જોકે, ૨૦ જુલાઈએ જ્યારે તે પોતાના નાના-નાનીના ગામમાં પહોંચ્યો અને માતાને જોઈ ત્યારે તેના આંખમાંથી અવિરત આંસુ વહેવા લાગ્યા. મા-દીકરાનું આ મિલન જોનાર દરેક વ્યક્તિની આંખો ભીની થઈ ગઈ. જગજીત સિંહે ત્રણ દશકાથી વધુ સમય બાદ માનો ચહેરો જોયો હતો. તેમણે પોતાની આ મુલાકાતને ફેસબુક પર રેકોર્ડ કરી હતી અને જણાવ્યું હતું કે, તેઓ પોતાની લાગણીઓ પર કાબૂ ના રાખી શક્યા. મા-દીકરાએ એકબીજાને આલિંગન આપતા લાગણીઓનો ધોધ વહ્યો હતો. ઉલ્લેખનીય છે કે, જગજીતની છ માસનો હતો ત્યારે તેના પિતાનું અવસાન થયું હતું. હરજીતના મા-બાપે તેના બીજા લગ્ન કરાવી દેતાં જગજીતના દાદા-દાદી તેને પોતાની સાથે લઈ ગયા હતા. એ વખતે જગજીતની ઉંમર બે વર્ષ હતી. જગજીત મોટો થયો ત્યારે તેને કહેવામાં આવ્યું કે એક્સિડન્ટમાં તેના માતાપિતાનું મોત થયું છે. આ જ સત્ય સાથે તે અત્યાર સુધી જીવતો હતો. જોકે, જગજીત અને તેની માતાની જિંદગીમાં વિરહ બાદ મુલાકાત લખેલી હશે. એટલે જ પટિયાલાના બોહરપુર ગામમાં તેની માતા સાથે મુલાકાત થઈ. કાદિયાનના મુખ્ય ગુરુદ્વારામાં ભજન ગાયક જગજીત સિંહે જણાવ્યું કે, પૂરના લીધે ચારેબાજુ તબાહી સર્જાઈ હતી. ભાઈ ઘનૈયાજી નામે એક એનજીઓ તે ચલાવે છે અને તેની ટીમ સાથે પૂરમાં ફસાયેલા લોકોને બચાવવા જગજીત પહોંચ્યો હતો. જગજીતની ફોઈના કારણે તેનું બોલિવુડ સ્ટાઈલ રિયૂનિયન શક્ય બન્યું હતું. તેણે કહ્યું, પટિયાલામાં હું બચાવ કાર્યમાં વ્યસ્ત હતો ત્યારે મારા એક ફોઈએ મને જણાવ્યું કે, મારા નાના-નાનીનું ઘર પણ પટિયાલામાં છે. તેમણે બોહરપુર ગામનું નામ આપ્યું હતું અને નાના-નાની કદાચ અહીં જ રહેતા હશે તેમ કહ્યું હતું.

જગજીત સત્વરે બોહરપુર પહોંચ્યો અને તેના નાની પ્રીતમ કૌર સાથે મુલાકાત કરી. "મેં તેમને સવાલો પૂછવાના શરૂ કરી દીધા. જેથી શરૂઆતમાં તેમને થોડી શંકા ગઈ પરંતુ બાદમાં તેમણે જણાવ્યું કે, મારી મમ્મી હરજીતને પહેલા લગ્ન થકી એક દીકરો હતો. આ સાંભળીને હું ભાંગી પડ્યો. મેં કહ્યું કે, એ કમનસીબ દીકરો હું જ છું જે ત્રણ દશકા સુધી પોતાની માનો ચહેરો ના જોઈ શક્યો", તેમ જગજીતે ઉમેર્યું. પગમાં તકલીફ હોવાથી યોગ્ય રીતે ચાલી ના શકતાં હરજીત કૌર માટે દીકરાને મળવાનો અનુભવ અતિશય સુખદ નીવડ્યો કારણકે દીકરાની સાથે આખો પરિવાર તેમને મળી ગયો. ૩૭ વર્ષીય જગજીત સાથે તેની પત્ની, ૧૪ વર્ષની દીકરી અને ૮ વર્ષના દીકરા સાથે પણ મુલાકાત કરી. જગજીતને પાંચ વર્ષ પહેલા ખબર પડી હતી કે તેના મમ્મી જીવતા છે. જગજીતે કહ્યું, "મારા દાદા-દાદી, કાકા-કાકી સહિત બધા સંબંધીઓ મને એવું જ કહેતા હતા કે મારા માતાપિતા ગુજરી ગયા છે. જેથી મારી પાસે વધુ માહિતી નહોતી." જગજીતના કહેવા પ્રમાણે, તેના દાદા-દાદી અને નાના-નાની વચ્ચે સંબંધો સારા નહોતા. બંને પરિવારોએ એકબીજા સાથે સંબંધો કાપી નાખ્યા હતા.

### ફરીથી ચર્ચામાં છે આ મઝાર

## સિગારેટ વાળા બાબા પાસે પ્રેમીઓ લગાવી રહ્યા છે અરજી

### ઓગસ્ટમાં રક્ષાબંધન, મોહરમ અને ઘણા અન્ય તહેવારોના કારણે અલગ-અલગ રાજ્યોમાં બેન્ક ૧૪ દિવસ બંધ રહેશે

। લખનૌ, તા.૨૯ ।

છેલ્લા એક મહિનાથી જીહ્વસ જ્યોતિ મૌર્ય, મનીષ દુબે, સચિન-સીમા હૈદર અને હવે પાકિસ્તાન ગયેલી અંજુ નસરુલ્લાની લવસ્ટોરી સોશિયલ મીડિયા સહિત દેશભરમાં ખૂબ જ લોકપ્રિય છે. આ લોકોની પ્રેમ કહાની જોઈને લખનૌના લોકો એટલા રોમાંચિત થઈ ગયા કે પ્રખ્યાત કેપ્ટનની સમાધિ પર મોટી ભીડ ઉમટી રહી છે. પરિણીત લોકોથી લઈને પ્રેમી યુગલો અહીં પહોંચી રહ્યા છે. આ મઝારની માન્યતા એવી છે કે અહીં માત્ર એક સિગારેટ ચઢાવવાથી જેમની જોડી નથી હબની રહી, તેમની જોડી બની જાય છે. બીજી તરફ જેમના લગ્ન થઈ ગયા છે, તેમની જોડી અમર થઈ જાય છે. આટલું જ નહીં અહીં પહોંચ્યા પછી કેટલાક પ્રેમી યુગલો અહીના સેવક મિશ્રીલાલને અરજી કરવા માટે પૈસા આપી રહ્યા છે જેથી તેમની જોડી પણ સીમા-સચિન, અંજુ-નસરુલ્લા અને જ્યોતિ મૌર્ય-મનીષ દુબે જેવી ફેમસ થઈ જાય. જોકે સાંભળવામાં થોડું વિચિત્ર લાગે છે પરંતુ આ સાચું છે. અહીંના સેવક મિશ્રીલાલે જણાવ્યું કે કેપ્ટન સાહેબને સિગારેટ વાળા બાબા કહેવામાં આવે છે કારણ કે આ બાબા લોકોની જોડી બનાવવા માટે પ્રખ્યાત છે. જો પ્રેમી યુગલના લગ્ન ન થતા હોય અથવા પરિવાર સંમત ન હોય તો અહીં આવીને માથુ ટેકવાથી તેમની જોડી બની જાય છે. તેઓ કહે છે કે ઘણા લોકો તેમની પાસે આવે છે અને પૈસા આપે છે અને તેમને અરજી કરવાનું કહે છે જેથી તેમનું કપલ ફેમસ થાય. સેવક મિશ્રીલાલે જણાવ્યું કે જો પ્રેમી યુગલ અહીં આવીને સિગારેટ બાબાને સિગારેટ કે દારૂ કે માંસ અર્પણ કરે તો તે ખુશ થઈ જાય છે. તેમનું કહેવું છે કે તેમણે તેમની સામે ઘણા એવા પ્રેમી યુગલો જોયા છે જે પહેલા પ્રેમી બનીને અહીં આવતા હતા અને પછી છ મહિનામાં લગ્ન કર્યા પછી આવવા લાગ્યા હતા. ઈતિહાસકાર ડો. રવિ ભટ્ટે જણાવ્યું કે કેપ્ટન ફ્રેડરિક વેલ્સ બ્રિટિશ આર્મીમાં કેપ્ટન હતા.

### ભારતીય બોલર્સનો દબદબો રહ્યો

## ભારતનો વેસ્ટઈન્ડિઝ સામેની પ્રથમ વન-ડે પાંચ વિકેટે વિજય

### ભારતે ૨૨.૫ ઓવરમાં ૧૧૫ રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો

। બાર્બાડોસ, તા.૨૯ ।

ભારતે વેસ્ટ ઈન્ડિઝને ત્રણ મેચોની વનડે સીરિઝની પ્રથમ વનડેમાં પાંચ વિકેટે હરાવ્યું હતું. બાર્બાડોસના કેન્સિંગ્ટન ઓવલ ખાતે રમાયેલી પ્રથમ વનડેમાં ભારતીય બોલરોનો દબદબો રહ્યો હતો. ભારતે માત્ર ૨૨.૫ ઓવરમાં જ ૧૧૫ રનનો લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો.

ભારતીય ટીમે ટેસ્ટ બાદ વનડેમાં પણ શાનદાર પ્રદર્શન કરતા વેસ્ટ ઈન્ડિઝની ટીમને પાંચ વિકેટે હરાવ્યું હતું. ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી વેસ્ટ ઈન્ડિઝની ટીમની શરૂઆત ખરાબ રહી હતી અને તેણે ૪૫ રનમાં પોતાની ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. જો કે શિમરોન હેટમાયર અને કેપ્ટન શાઈ હોપ વચ્ચે ૪૩ રનની ભાગીદારી થઈ હતી પણ ટીમે છેલ્લી સાત વિકેટ ૨૬ રનમાં ગુમાવી દીધી હતી અને ૨૩ ઓવરમાં ૧૧૪ રન બનાવીને પેવેલિયન ભેગી થઈ હતી. વેસ્ટ ઈન્ડિઝની ઈનિંગમાં સાત બેટ્સમેન



બે આંકડાનો સ્કોર પણ કરી શક્યા ન હતા. ભારતીય ટીમને ૧૧૫ રનનો ટાર્ગેટ હાંસલ કરવામાં કોઈ મુશ્કેલી પડી ન હતી. ભારતીય ટીમે ઓછા ટાર્ગેટને જોતા બેટિંગ લાઈન અપમાં પણ આશ્ચર્યજનક ફેરફારો કર્યા હતા જેમાં ઈશાન કિશનને શુભમન ગિલ સાથે ઓપનિંગ માટે મોકલવામાં આવ્યો હતો, જ્યારે સૂર્યકુમાર ત્રીજા નંબર પર બેટિંગ કરવા આવ્યો હતો.

પાંચ વિકેટ પડી ગયા બાદ પણ વિરાટ કોહલી બેટિંગ કરવા આવ્યો ન હતો, જ્યારે કેપ્ટન રોહિત સાતમા નંબરે બેટિંગ કરી હતી. ભારતીય ટીમનો વેસ્ટ ઈન્ડિઝ સામે વનડેમાં આ સતત નવમો વિજય હતો. આ વનડે મેચમાં ૪ વિકેટ લેનાર કુલદીપ યાદવને પ્લેયર ઓફ ધ મેચ બન્યો હતો. ભારતીય ટીમ સામે વેસ્ટ ઈન્ડિઝનો આ વન-ડે ઈન્ટરનેશનલમાં તેનો બીજો સૌથી નિમ્ન સ્કોર હતો. આ સિવાય હોમ ગ્રાઉન્ડ પર ભારત સામે આ તેનો સૌથી નિમ્ન વનડે સ્કોર કર્યો હતો. આ પહેલા વર્ષ ૧૯૯૭માં પોર્ટ ઓફ સ્પેનના મેદાન પર વેસ્ટ ઈન્ડિઝની ટીમ માત્ર ૧૨૧ રન જ બનાવી શકી હતી. આ સાથે તે ઘરઆંગણે વેસ્ટ ઈન્ડિઝનો સંયુક્ત ત્રીજો સૌથી નિમ્ન સ્કોર પણ હતો. આ વનડેમાં કુલદીપ યાદવ અને રવિન્દ્ર જાડેજાએ મળીને કુલ સાત વિકેટ ઝડપી હતી.

આ સાથે જ જાડેજા અને કુલદીપે એક મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો હતો જેમા હવે જાડેજા-કુલદીપની જોડી વન-ડેમાં સાત કે તેથી વધુ વિકેટ લેનારી પ્રથમ ભારતીય ડાબોડી સ્પિન જોડી બની છે. આ ઉપરાંત ઈતિહાસમાં ચોથી વખત બન્યું છે જ્યારે ભારતે વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં ૨૩ ઓવરમાં અથવા તે પહેલાં વિરોધી ટીમને ઓલઆઉટ કરી દીધી હતી.

### પ્રેમાંધ પત્નીએ પતિને ખાટલામાં બાંધી, કૂહાડીથી ટૂકડા કરી નાખ્યા

। પીલીભીત, તા.૨૯ ।

ઉત્તર પ્રદેશના પીલીભીતમાં પત્નીએ તેના પતિને દોરડાથી ખાટલે બાંધ્યો હતો. પછી તેના શરીર પર કુહાડીથી હુમલો કરીને લાશના ટુકડાં કર્યા હતા. એ પછી પત્નીએ આ ટુકડાં ગામની નજીક આવેલી એક કેનાલમાં ફેંકી દીધા હતા. બનાવની જાણ થયા બાદ લોકોનાં ટોળા પહોંચ્યા હતા. જાણ થતા પોલીસની ટીમ પણ ત્યાં પહોંચી હતી. પોલીસે લાશના ટુકડા શોધવા માટે ગોતાખોરોની પણ મદદ લીધી હતી. જો કે, મોડી રાત સુધી લાશના ટુકડા મળી આવ્યા નહોતા. પોલીસનું કહેવું છે કે, મહિલાએ તેનો ગુનો કબૂલ કરી લીધો છે અને ઘટના બાદ આ વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત જાણકારી મુજબ, ગજરૌલા પોલીસ સ્ટેશન હેઠળ આવતા શિવનગરમાં ૫૫ વર્ષીય રામપાર મંગળવારની સવારથી લાપત્તા હતા. રામપાલના પુત્ર સોમપાલ પત્ની અને બાળકો સાથે ગામના બીજા મકાનમાં રહે છે. રામપાલ અને તેની પત્ની દુલારો દેવી વચ્ચે વિવાદ ચાલી રહ્યો હતો. દુલારો દેવીની દોસ્તી તેના પતિ રામપાલના દોસ્ત સાથે થઈ ગઈ હતી. થોડા દિવસો પહેલાં મહિલા તેના પ્રેમી સાથે રહેવા લાગી હતી. તે એક મહિના પહેલાં જ ગામમાં આવી હતી.

## પ્યાર કા પહેલા અધ્યાય શિવશક્તિમાં તેના પાત્રને યોગ્ય ન્યાય આપવા નિક્કી શર્મા વારાણસીના સ્થાનિક ઉચ્ચારણ શિખી

। નવી દિલ્હી, તા.૨૯ ।

ઝી ટીવીનો તાજેતરમાં રજૂ થયેલો એક અદભુત નાટકમાં શિવ-શક્તિની ગતિશિલતાને એક સમકાલીન રીતે રજૂ કરીને પ્રેમની હિલિંગ શક્તિને દર્શાવવામાં આવી છે. 'સ્ટુડિયો એલએસડી પ્રોડક્શન્સ' દ્વારા પ્રોડ્યુસ મંત્રમુગ્ધ કરી દેતા શો એ તેના પ્રિમિયરથી જ દર્શકોને જકડી રાખ્યા છે. હવે તો એવું લાગી રહ્યું છે કે, અર્જુન બિજલાની- શિવ તરીકે અને નિક્કી શર્મા- શક્તિ તરીકે દર્શકોનું મનોરંજન કરવા માટે કોઈ કચાશ નથી રાખી રહ્યા! નિક્કી શર્મા જે શક્તિનું પાત્ર કરી રહી છે, તે વારાણસીની એક યુવા અને જુસ્સાદાર છોકરી છે, તો તેના પાત્રને શ્રેષ્ઠ આપવા માટે પ્રયત્ન કરી રહી છે! અને એવું લાગી રહ્યું છે કે, તે તેના પ્રયત્નમાં સફળ પણ થઈ રહી છે. તો, આપણે બધા જાણીએ છીએ કે, દરેક કલાકારે તેના પાત્રને ન્યાય આપવા તથા તેના ઉચ્ચારણને હાથ ધરવા માટે ટ્રાયલ્સ અને વર્કશોપમાંથી પસાર થવું પડે છે. ત્યારે નિક્કી શર્માને કેસના કેસમાં પણ એવું જ થયું છે, ખાસ તો, અભિનેત્રી બધું જ મક્કમ કરવા માટે તૈયાર છે. શક્તિના પાત્રને યોગ્યતાથી ન્યાય આપવા માટે નિક્કીએ વારાણસીના સ્થાનિક ઉચ્ચારણ શિખી રહી છે અને તે નિયમિત પણે એ જ ભાષામાં વાત કરી રહી છે, જેથી કરીને તે યોગ્ય ઉચ્ચારણ કરી શકે અને તેના લીધે તે સીનમાં યોગ્ય મંત્ર ઉચ્ચારણ પણ યોગ્યતાથી કરી રહી છે. તેના આ પાત્ર પ્રવેશમાં આ તો કંઈક નવો ઉમેરો કર્યો, પણ એક કલાકાર તરીકે તેને વિકસવામાં ઘણી મદદ થઈ છે. નિક્કી કહે છે, "શક્તિનું પાત્ર જ્યારથી મને મળ્યું છે, તે મારા માટે આશિર્વાદ સ્વરૂપ છે અને તેથી જ હું મારા આ પાત્રને મારું ૧૦૦ ટકા આપી રહી છું, હું યોગ્ય ઉચ્ચારણ અને ભાષા શિખી રહી છું, જેથી આ શોમાં તે ઉપયોગી બન્યું. હું હંમેશા માનું છું કે, દરેક પાત્રની સાથે એક કલાકારે સતત નવી વસ્તુઓ શિખવી જ જોઈએ અને તે તેને પ્રોફેશનલી વધુ વિકસવામાં મદદ કરે છે.

### લેમ રિસર્ચ અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ સાયંસ દ્વારા

## સેમિકન્ડક્ટર ફેબ્રીકેશન ટેક્નોલોજીમાં પાઇલોટ ટુ અપસ્કીલ એન્જિનીયર્સની ઘોષણા કરાઇ

લેમ રિસર્ચ ઈન્ડિયાએ સેન્ટર ફોર નેનો સાયંસ એન્ડ એન્જિનીયરીંગ (CeNSE) અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયંસ (IISc) બેંગલુરુ સાથે સમજૂતિ કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા હોવાની ઘોષણા કરી છે. આ એમઓયુનો હેતુ ભારતની યુનિવર્સિટીઓમાં એવા કસ્ટમાઈઝ્ડ કોર્સને સંયુક્ત રીતે વિકસાવવાનો છે જેથી લેમ રિસર્ચના Semiverse TM સોલ્યુશન્સ વર્ચ્યુઅલ ફેબ્રીકેશન સોફ્ટવેર SEMulator3D®™ku ઉપયોગ કરીને સેમિકન્ડક્ટર ફેબ્રીકેશન ટેકનોલોજીનું શિક્ષણ પ્રદાન કરી શકાય. આ કરાર સાથે લેમ ભારતમાં મજબૂત સેમિકન્ડક્ટર વ્યવસ્થાનો વિકાસ કરવાની અને ઉદ્યોગના પડકારોને ઉકેલવા માટે શિક્ષણદ્દી સહયોગને વધુ ગાઢ બનાવવાની તેની પ્રતિબદ્ધતાને પુનઃપ્રસ્થાપિત કરે છે. ભારતમાં બે દાયકા પહેલા તેની પ્રથમ સવલતને ખુલ્લી મુકી છે ત્યારે લેમએ સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં દેશની ભૂમિકાને વધુ મજબૂત બનાવવાનું સતત રાખ્યુ છે, તાજેતરમાં જ બેંગલુરુમાં અદ્યતન ઈન્ડિયા સેન્ટર ફોર એન્જિનીયરીંગ નવી ટેકનોલોજીઓના સર્જનને સમર્પિત છે જેની સેમિકન્ડક્ટર ઉત્પાદન જટીલતાના સમયમાં તાતી જરૂર છે.

આ પ્રોગ્રામ ૩૦ વિદ્યાર્થીઓના સમૂહ સાથે ઓગસ્ટ ૨૦૨૩માં પ્રારંભ થવાની શક્યતા છે જે ફિઝીકલ ડિઝાઈન લર્નીંગ, પ્રોસેસ ફ્લો ડેવલપમેન્ટ અને વર્ચ્યુઅલ મેટ્રોલોજી સહિત ડિવાઈસ ઈન્ટીગ્રેશન પર ધ્યાન કેન્દ્રિત કરશે. IISc અને લેમ રિસર્સ પ્રથમ તબક્કા સાથે પાઈલોટ કોર્સ અભ્યાસક્રમ તૈયાર કરવા માટે કામ કરશે જે ડિસેમ્બર ૨૦૨૩માં અને બીજો તબક્કો જૂન ૨૦૨૪માં પૂર્ણ થવાની અપેક્ષા સેવાય છે.

## તંત્રી લેખ...

# ટેકનોલોજી આરોગ્યનુ સંભાળ છે

ભાગદોડની લાઈફમાં કોઈની પાસે ફિટનેસ માટે હાલના સમયમાં સમય નથી. આવી સ્થિતીમાં ટેકનોલોજીની મદદથી તમે તમારી ફિટનેસ પર નજર રાખી શકો છો. ટેકનોલોજીની મદદથી ફિટનેસ ગોલ્સ પર નજર રાખીને પોતાની તબિયતની કાળજી લઈ શકાય છે. આરોગ્ય સાથે જોડાયેલા કેટલાક ખાસ પ્રોડક્ટસ રહેલા છે. વિવોફિટ-૨માં એક વર્ષની બેટરી લાઈફ રહે છે. જેમાં એક બેકલિસ્ટ ડિસ્પ્લે હોય છે. જે સમય દર્શાવવાની સાથે સાથે આરોગ્ય સાથે જોડાયેલા આંકડાની વિગત આપે છે. જેમ કે સ્ટેપ્સ, ડિસ્ટેન્સ અને કેલોરીજનો સમાવેશ થાય છે. કેલોરીજ અંગે માહિતી પુરી પાડે છે. આમાં ગારમીનના મુવ બાર લાગેલા છે જે આપને એક્ટિવ રહેવા માટે ઓડિએબલ એલર્ટસની માહિતી આપે છે,. સાથે સાથે કેટલાક મામલે રિમાઈન્ડ કરે છે. ધ્યાન રાખવા જેવી બાબત એ છે કે તેના સ્લીપ મોડને એપના માધ્યમથી મેન્યુઅલી સેટ કરવાની જરૂર પડે છે. શ્યાઓમીના એમઆઈ બેન્ડ સૌથી સસ્તા અને વિયરેબલ ટ્રેકર તરીકે છે. આ આશ્ચર્યજનક રીતે ખુબ શાનદાર રીતે કામ કરે છે. તેમા ડિસ્પ્લે નહી પરંતુ તે વાયરલેસલી આરોગ્ય સાથે સંબંધિત તમામ ડેટા સ્માર્ટ ફોન એપથી લિન્ક કરી દે છે. સાથે સાથે તમામ વિગત સારી રીતે આપે છે. તેમાં ઓટો સ્લીપ મોનિટરિગ પણ છે. તમે બેન્ડના જુદા જુદા રંગોમાંથી મનપસંદ રંગની પસંદગી કરી શકો છો. તેના સિંગલ ચાર્જ એક મહિનાથી વધારે સમય સુધી યોગ્ય રીતે કામ કરે છે. વિવો સ્માર્ટ પણઁ શાનદાર સાધન તરીકે છે. વિવોસ્માર્ટ એચઆર ખુબ શાનદાર બેન્ડ છે. તેમાં કન્ટીન્યુઅસ હાર્ટ ટ્રેકિંગ ફિચર રહેલા છે. તેમાં ટચ ડિસ્પ્લે છે. જે આપની એક્ટિવિટી સાથે જોડાયેલા આંકડા દર્શાવે છે. આ નોટિફિકેશન દર્શાવવા માટે આપના સ્માર્ટ ફોન સાથે કનેક્ટ થઈ શકે છે. તેમાં એક મુવબાર હોય છે. જે આપને લાંબા સમય સુધી બેઠા રહેવાની સ્થિતીમાં ચારે બાજુ ફરવા માટે રિમાઈન્ડ કરે છે. કેટલાક લોકો ફિટનેસ બેન્ડ અને અન્ય ઘડિયાળ પહેરવાનુ પસંદ કરે છે. ફિટબિટ બ્લેજ આનો જવાબ તરીકે છે. આ ફિટનેસ પર કેન્દ્રિત સ્માર્ટ વોચ તરીકે છે. આમાં કન્ટીન્યુઅસ હાર્ટ રેટ ટ્રેકિંગ કલર એક્ટિવીટી અને સ્લીપ ટ્રેકિગ છે. તેમાં જુદી જુદી એક્ટિવીટીની ટ્રેકિંગ માટે ડેડીકેટેડ મોડસ છે. સિંગલ ચાર્જ કરવા પર બેટરી પાંચ દિવસ સુધી ચાલે છે. કેટલાક સાધન બ્લડપ્રેસરના પરિણામ ને દર્શાવે છે. વિગિદ્સ સ્માર્ટ ફોન એપથી પોતાની રીતે સિન્ક કરીને માહિતી આપે છે. વિદિગ્સ વાયરલેસ બ્લડ પ્રેશર મોનિટર પણ ઉપયોગી ટેકનોલોજી ટુલ્સ તરીકે છે. મોનિટરને પોતાના હાથમાં સ્લીપ ઓન કરવામાં આવ્યા બાદ પોતાની રીતે સ્માર્ટ ફોન પર હેલ્થ મેટ એપ લોંચ કરીને માહિતી પુરી પાડશે. આ તબક્કાવાર રીતે દિશા નિર્દેશ આપે છે. કઈ રીતે યોગ્ય રીતે બ્લડપ્રેશર માપવામાં આવે તે બાબત ઉપયોગી છે. એપથી લિન્ક થનાર ડેટા ચાર્ટ તરીકે દર્શાવવામાં આવે છે. વિથિંગ્સ બોડી પણ ઉપયોગી ટેકનોલોજી સાધન તરીકે છે. તે વેટિંગ સ્કેલ બાયોમેટ્રિક ઈમ્પેડેન્સ ટેકનિક પર કામ કરે છે. આના કારણે આપના શરીરના મુલ્યાંકન કરવામાં આવે છે. તે કંપનીના પોઝિશન કન્ટ્રોલ ટેકનોલોજી સાથે સજ્જ હોય છે. તે યુજરને ગાઈડ કરે છે. સ્કુલ પર કઈ રીતે ક્યાં ઉભા થવામાં આવે તે અંગે તે માહિતી આપે છે. યોગ્ય માપ મળી શકે તે માટે આ સાધન પણ ઉપયોગી છે.

# પ્રાઈવેટ ચેનલો અને ઓટીટી પ્લેટફોર્મ સામે ડચકાં ખાતાં ટેલિવિઝનનો ઈતિહાસ



સદગુરુ વચનામૃત
સંકલન : ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

આજે તો હવે પ્રાઈવેટ ચેનલો નો રાફડો ફાટયો છે, ઉપરાંત નેટફિલક્શ, મેક્સ પ્લેયરુ, પ્રાઈમડાઈમ હોટ સ્ટાર યુટ્યુબ ડિઝની પ્લસ હોટ સ્ટાર, ઝી ૫, સોની લીવ, જેવા ઓટીટી પ્લેટફોર્મ સામે બિચારું ટેલિવિઝન ડચકાં ખાઈ રહ્યું છે, બાકી આજથી વીસ પચીસ વર્ષ પહેલાં ટેલિવિઝનનો દબદબો હતો! અને કોરોના નાં લાંબા લોક્ટ ડાઉન સમયે દૂરદર્શન માં બતાવેલી રામાયણ મહાભારત અને જૂની સિરિયલ ને સહારે સમય કાઢ્યો હતો એ સૌને યાદ જ હશે! અને સૌએ ઓલ્ડ ઈઝ ગોલ્ડ એમ કહ્યું હતું.

ટેલિવિઝનની સૌ પ્રથમ શોધ ૧૯૨૫માં જોન લોગી બેયર્ડે કરી હતી. તે એક સીઆરટી ટેલિવિઝન હતું, જેના ઉપર ચલચિત્ર પ્રસારિત કરવામાં આવતું હતું. ત્યારબાદ ૧૯૨૭માં ફિલો ફાંસવર્થ નામના વૈજ્ઞાનિકે તેમાં કેટલાક સુધારાવધારા કર્યા. તે સમયમાં ટેલિવિઝન પર કાળા અને સફેદ રંગમાં માત્ર ચલચિત્ર જોવા મળતું હતું. જોકેઆ ટેલિવિઝન પર રંગીન ચલચિત્ર દેખાય એવું ટેલિવિઝન પણ ઝડપથી એટલે કે બીજા જ વર્ષે ૧૯૨૮માં જે એલ બેયર્ડે દ્વારા શોધ કરવામાં આવી.આપણા દેશમાં એટલે કે ભારતમાં ટેલિવિઝન ઘણું મોડું આવ્યું હતું. ટેલિવિઝનનું પહેલું પ્રસારણ ૧૫ સપ્ટેમ્બર, ૧૯૫૯માં દિલ્હીમાં કરવામાં આવ્યું હતું, અને બસ ત્યારથી એણે પાછું વળીને જોયું નથી એમ કહીએ તો ચાલે,હા શરુઆત ના થોડા વર્ષો એ માત્ર અમીરોનાં ઘરની શોભા બની રહ્યું.પરંતુ બહુ થોડા સમયમાં જ એ સામાન્ય જનતાનાં મનોરંજન નું સાધન બન્યું, ભલે શરુઆત ના તબક્કામાં બ્લેક એન્ડ વ્હાઈટ ટેલિવિઝન અને માત્ર દુરદર્શન નાં પ્રોગ્રામ આવતાં. પછી તો ધીરે ધીરે ચેનલ શરૂ થઈ, એમાં પણ ઝી ટીવીની ચેનલે સૌ પ્રથમ પગ પેસારો કર્યો.




આજકાલ હવે લગભગ દરેકના ઘરમાં ટીવીની સુવિધા ઉપલબ્ધ છે અને ટેલિવિઝન એ સૌ કોઈનું અંતર્ગત મિત્ર હોય, એ રીતે કામ આપી રહ્યું છે. એમાં પણ આ કોરોના કાળના અત્યંત કપરા સંજોગોમાં ટેલિવિઝન એ સૌનું અંગત અને સૌથી પ્રિય સાથી બની રહ્યું. આખાં આખાં પરિવાર ને એ સમયમાં તેણે ઉતમ મનોરંજન પુરું પાડ્યું.સૌએ સાથે બેસીને રામાયણ, મહાભારત, અને ૮૦ થી ૯૦ ના દાયકાની સિરિયલ નીહાળીને આનંદ અનુભવ્યો. સામાન્ય સમયમાં પણ સવારના પ્રભાતિયાથી શરૂ કરી યોગ, ભજન, કથા, કિર્તન, ભવિષ્ય, એવું રાત્રી સુધી તે આપણને કંઈ કેટલું એ નવું નવું પીરસે છે, અને એમાં પણ હવે તો ચેનલોના રાફડા ફાટ્યા હોય એ રીતે જુદી જુદી કેટલીય ચેનલને, કેટલાય પ્રોગ્રામ આવે છે, કંઈ જોવી અને કંઈ ન જોવી! વેપારી કરણની રીતે જોઈએ તો દર્શકોની નાડને પારખી ને તે મુજબનાં પ્રોગ્રામ દર્શાવાતા હોય છે એટલે કે સવારે મોટેભાગે ઘરના વૃદ્ધ વડિલો ને સમયની અનુકૂળતા હોવાથી, સવારનો સમય તેઓની પસંદગી મુજબ નો હોય છે, બપોરે ગૃહિણીઓને નવરાશ હોય, એટલે તે મુજબના પ્રોગ્રામ આવે, બાળકો ને અનુરૂપ સાંજે કાર્ટુન, અને અન્ય જાદું વગેરે ના પ્રોગ્રામ આવે, તો રાત્રિના આઠ પછી ના કાર્યક્રમ લગભગ પરિવાર સાથે બેસીને જોઈ શકાય તેવા હળવા અને હાસ્ય રસ પ્રદાન કરનારા હોય છે. એટલે બહુ સ્વાભાવિક રીતે રાતના આઠ પછી ના પ્રોગ્રામ ની ટીઆરપી વધુ હોય છે, અને તે સમય દરમિયાન જે તે એડવર્ટાઈઝમેન્ટ થાય તેના પણ સારા એવા પૈસા ચેનલ દ્વારા વસૂલવામાં આવે છે. આમ તો ટેલિવિઝન એ હવે દુનિયામાં મનોરંજન માટેનું સૌથી મોટું હાથવગું સાધન છે, અને લગભગ બધા થોડે ઘણે અંશે એ જોતાં જ હોય છે. નાના બાળકથી શરૂ કરીને, ઘરના વડીલો સુધી અંદર અંદર એ પ્રોગ્રામની ચર્ચાઓ પણ થતી હોય છે, અને દરેક તેમાંથી ગ્રાહ્ય હોય એ ઉપદેશ ગ્રહણ કરી, જુદા-જુદા અર્થ પણ બતાવતા હોય છે. એક સમય હતો જ્યારે ડેઈલી સોપની સિરિયલોમાં ઘર પરિવાર અને તેના અગંત પ્રશ્નો અને અંદર અંદર ના મન મોટાવ, લડાઈ-ઝઘડા વગેરે ને એડ કરી અને સિરિયલો બનાવાતી, અથવા તો આદર્શ પરિવાર ને શીખ અને સંસ્કાર સમર્પણ નાં અમૂલ્ય વારસાની વાત થતી, જેમકે બુનિયાદ, કહાની ઘર ઘર કી, ક્યુ કી સાસ ભી કભી બહુ થી, અને તારા, જસ્સી જૈસી કોઈ નહીં, સર્કસ,દરાર વગેરે. ધીમે ધીમે એમાં બદલાવ આવતો ગયો, અને એ સિરિયલ લંબાવવા માટે ૨૦ /૨૦ વર્ષના જંપ લઈને નવી પેઢીનો આ સીરિયલમાં પ્રવેશ થયો, અને નવી પેઢીના કેવા કેવા પ્રશ્નો હોય છે. વિજાતીય આકર્ષણથી આકર્ષાઈ તેમનાથી કોઈ ભૂલ થાય, એ ઉંમરની ફીલીંગ, જાણે આકાશમાં ઉડવું,આકાશ મુઠ્ઠીમાં કરી લેવું, ગમતી વ્યક્તિ નું મોઢું જોવા કેવાં કેવાં દાવ ખેલવા, એવું બધું બતાવવાનો ચેનલોએ પ્રયાસ કર્યો. વચ્ચે વચ્ચે સ્પોર્ટ્સ, ન્યુઝ, વગેરે પણ મેદાન મારી ગયું,અને કૌન બનેગા કરોડપતિ જેવો શો સદીના મહાનાયક અમિતાભ બચ્ચન દ્વારા સંચાલિત હોવાથી ખૂબ પ્રસિદ્ધ થયો. કોરોના કાળ અંતર્ગત લોકો નાનામાં નાની માહિતી મેળવવા માટે જયંતિ રવિનો અવાજ સાંભળવાનું કોઈ ચૂકતા નહીં, તો વર્લ્ડ કપ, અને આઈપીએલ, માટે તલપાપડ થતાં યુવાનો એ ક્રિકેટ મેચનો પણ પૂરેપૂરો આનંદ લીધો, અન્ય કોઈને બીજા અન્ય શોખ હોય તો એ મુજબ તેમણે પણ ટેલિવિઝન નાં સથવારે આ અઘરો સમયે કાઢ્યો.

આજકાલ રિયાલિટી શોને નામે સૌથી વધારે ટી.આર.પી.બોલે છે. સંગીત, નૃત્ય, અને વિવિધ કલા, કે ટેલેન્ટનાં રિયાલિટી શો ટીવી પર દેખાડવામાં આવે છે. સામાન્ય રીતે ઓડીશન લઈને પસંદ કરવામાં આવે છે.પૂરા દેશમાંથી ઓડીશન કરી ને ૨૦ કે ૩૦ વ્યક્તિ ને પસંદ કરવામાં આવે છે, અને તેમાંથી દર અઠવાડિયે એક એક ની કટોત્તી થતી જાય છે, અને અંતે વિનર પ્રાપ્ત થાય છે. પરંતુ મૂળ વાત એ છે કે, આ શોમાં દરેક સ્પર્ધકના જીવનની ઝાંખી બતાવવામાં આવે છે, અને એ રીતે સહાનુભૂતિ મેળવવાની એક જાણે રીત બની ગઈ હોય એ રીતનુ થઈ ગયું છે. જજ પણ ઘણી વખત ન સમજાય તેવું વર્તન કરે છે, અને પ્રેમ જેવાં પવિત્ર સંબંધની મજાક ઉડાવતા પણ દર્શાવાય છે. આમ પણ આ રિયાલિટી શો માં રિયાલિટી કેટલી છે, એ તો રામ જાણે! ઘણી વખત નાના નાના ટાબરિયા પણ સંગીત, વાદ્ય માં કે ટેલેન્ટ અને નૃત્યમાં ગજબ ખેલ કરતાં જોવા મળે છે, ત્યારે એવું લાગે કે,સંગીત, નૃત્ય,કે કોરિયોગ્રાફર ના ધંધા ને વેગ આપવા આવાં શો આવે છે.આમ પણ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આજકાલ મંદીનો માહોલ છે, એટલે જજ બની જે થોડા ઘણા રુપિયા કમાવા મળે, ઉપરાંત લોકોની ચર્ચા માં રહેવા પણ મળે. ટૂંકમાં ગમે તે રીતે ટેલિવિઝન આપણને મનોરંજન પીરસવામાં સફળ થયું છે, અને સૌ કોઈનું લાંબા સમયનું મિત્ર બની સદા સાથે રહ્યું છે, અને આગળ પણ રહેશે. મનોરંજનનું માધ્યમ ગમે તે હોય પણ વ્યક્તિ એ પોતાની વિવેક બુદ્ધિ થી નક્કી કરવાનું હોય છે કે, તેણે નિર્દોષ મનોરંજનની સાથે સાથે જ્ઞાન વધારવું છે.

### આરોગ્ય નિષ્ણાંતો અને તબીબો માટે પણ બિમારી ચિંતાજનક છે : એચઆઇવીની જેમ બિમારી ઝડપથી ફેલાઇ રહી હોવાના હેવાલ છે

# માઇકોપ્લેજમા જેનિટેલિયમ ઘાતક છે





બિનસુરિક્ષત સેક્સ સંબંધના કારણે એચઆઈવી ઉપરાંત અન્ય કેટલીક ગંભીર પ્રકારની બિમારીઓ પણ થઈ શકે છે. હાલના દિવસોમાં માઈકોપ્લેજમા જેનિટેલિયમ (એમજી) નામની બિમારી દુનિયાભરના આરોગ્ય નિષ્ણાંતો માટે ચિંતાજનક બની રહી છે. આની સારવાર ખુબ જ જટિલ અને મુશ્કેલરૂપ બનેલી છે. નિષ્ણાંતોનુ કહેવુ છે કે એચઆઈવીની જેમ જ આ બિમારી પણ રોકેટ ગતિથી વિશ્વના દેશોમાં ફેલાઈ રહી છે. શંકા એવી પણ છે કે આ સુપરબગ સાબિત થઈ શકે છે. એક રિપોર્ટની વાત કરવામાં આવે તો બ્રિટીશ એસોસિએશન ઓફ સેક્યુઅલ હેલ્થ એન્ડ એચઆઈવી દ્વારા સ્થિતીની ગંભીરતાને ધ્યાનમાં લઈને બિમારીના સંબંધમાં એડવાઈઝરી પણ જારી કરી દીધી છે. નિષ્ણાંતોના કહેવા મુજબ માઈકોપ્લેજમા જેનિટેલિયમ બિમારીના કોઈ શરૂઆતી લક્ષણ હોતા નથી. પરંતુ કેટલાક નિષ્ણાંતો દાવો કરે છે કે આ બિમારીના કારણે મહિલા અને પુરૂષોના જનનાંગો પર ઈન્ફેક્શન થઈ જાય છે. આ એટલા ખતરનાક છે કે તેના કારણે મહિલાઓ માતા બનવાની તક ગુમાવી દે છે. તેના શરૂઆતી લક્ષણ સરળતાથી સમજી શકાતા નથી. જેથી સારવારમાં પણ તકલીફ થાય છે. જો સારવાર યોગ્ય રીતે કરવામાં ન આવે તો તેના પર એન્ટી બાયોટિકની અસર પણ દેખાતી નથી.એમજી શુ છે તે અંગે સામાન્ય પ્રશ્નો કરે છે ત્યારે નિષ્ણાંત તબીબો કહે છે કે એમજી એક જીવાણુ તરીકે છે. જેના કારણે પુરૂષો અને મહિલાઓને યુરિનના રસ્તે સોજા થઈ શકે છે. જેના કારણે દુખાવો રહે છે. રક્તસ્ત્રાવ જોવા મળે છે. તાવની અસર રહે છે. એચઆઈવીની જેમ જ બિનસુરક્ષિત સેક્સ સંબંધને આ બિમારીના મુખ્ય લક્ષણ તરીકે જોવામાં આવે છે. જાણકાર લોકો કહે છે કે કોન્ડોમના ઉપયોગથી આ ઈન્ફેક્સનને રોકવામાં મદદ મળી શકે છે. આ બિમારીના સંબંધમાં પ્રથમ વખત માહિતી બ્રિટનમાં ૧૯૮૦માં સપાટી પર આવી હતી. એ વખતે માત્ર એકથી બે ટકા લોકો જ આ ઈન્ફેક્શનથી પ્રભાવિત થયા હતા. એમજીની તપાસ માટે હાલમાં કેટલાક ટેસ્ટ કરવામાં આવ્યા છે. જો કે આટેસ્ટ તમામ હોસ્પિટલમાં ઉપલબ્ધ નથી. આની સારવાર દવા અને એન્ટીબાયોટિકથી શક્ય છે. આ બિમારીની સારવાર માટે એન્ટીબાયોટિક્સ સૌથી ઉપયોગી ગણવામાં આવે છે. જો કે જોવામાં આવ્યુ છે કે તેની સારવારમાં આવનાર એન્ટીબાયોટિક્સ મેક્રોલિડ્સની અસર હવે દુનિયામાં ઓછી થઈ છે. બ્રિટનના લોકોમાં તેના અસરમાં ૪૦ ટકાનો ઘટાડો થયો છે. જે ચિંતાજનક બાબત રજૂ કરે છે. જો કે હાલમાં એક બીજી એન્ટીબાયોટિક્સ એજિથ્રોમાઈસિન ખુબ જ મદદકાર સાબિત થઈ રહી છે. બિમારીના સંબંધમાં લોકો પાસે ખુબ ઓછી માહિતી હોવાના કારણે જટિલ સ્થિતી સર્જાઇ રહી છે. એમજી તરીકે રહેલી રહેલી બિમારી સેક્સ સંબંધોના કારણે થાય છે. અન્ય કારણ પણ છે પરંતુ સૌથી મુખ્ય કારણ તો બિનસુરક્ષિત સેક્સ સંબંધ છે.આ ઈન્ફેક્શનના કારણે કેટલાક લક્ષણ રહેલા છે. પુરૂષોની વાત કરવામાં આવે તો યુરિન વેળા દુખાવો રહે છે. સાથે સાથખે પિડા વદારે હોવાથી તાવની અસર થાય છે. જ્યારે મહિલાઓમાં સેક્સ બાદ બ્લિડિગની સમસ્યા જોવા મળે છે. ઈન્ટરનેટ મારફતે એક બાજુ તમામ પ્રકારની માહિતી મળવા લાગી ગઈ છે પરંતુ સાથે સાથે તેના મારફતે ઘણી કુટેવ પણ લોકોમાં ફેલાઈ ગઈ છે. યુવા પેઢી ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ પોર્ન સામગ્રીથી ખૂબ જ પ્રભાવિત છે. યુવા પેઢી આના સંકંજામાં આવી ગઈ છે જેથી કુદરતી સેક્સ સંબંધોના બદલે સેક્સના વિકૃત સ્વરૂપને પસંદ કરી રહ્યા છે. આ સંબંધમાં જ્યારે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી ત્યારે બ્રિટનમાં રહેનાર એક ૧૯ વર્ષીય યુવતીએ કહ્યું હતું કે ઈન્ટરનેટ ઉપર ચાલી રહેલી પોર્ન સાઈટોના પ્રભાવ ખૂબ જ ખતરનાક છે. તેના કહેવા મુજબ સેક્સની શરૂઆતથી જ પુરુષોના દિમાગમાં પોર્ન સાઈટોના દશ્ય અથવા તો સીન ઊભરવા લાગી જાય છે. આ લોકો સેક્સ વીડિયો અંગે વિચારતા થી જાય છે. આ યુવતીએ એમ પણ કહ્યું હતું કે પુરુષોમાં આ પ્રકારની ટેવ હવે મોટાભાગે સામાન્ય બની ગઈ છે. વિકૃત સેક્સને લઈને સર્વેમાં મોટાભાગના લોકોએ પોતાની પ્રતિક્રિયા સ્પષ્ટપણે આપી છે.

### સ્વિમિંગ શરીર અને કાર્ડિયોવેસ્કુલર સિસ્ટમ તેમજ મસલ્સ ટોનિંગથી લઇને હાર્ટ સુધી લાભકારી સાબિત થઇ શકે છે : નિષ્ણાંતો પણ માને છે

# સ્વિમિંગથી સમગ્ર શરીરની કસરત





કોઈ પણ સિઝનમાં સ્વિમિંગ ખુબ જ આદર્શ તરીકે છે. નિષ્ણાંતોની સાથે સાથે જાણકાર લોકો પણ નક્કરપણે માને છે કે સ્વિમિંગ શરીર અને કાર્ડિયોવેસ્કુલર સિસ્ટમ તેમજ મસલ્સ ટોનિંગથી લઈને હાર્ટ સુધી તમામ શરીર માટે લાભકારી સાબિત થાય છે. સ્વિમિંગ તમામ રીતે ઉપયોગી છે. સ્વિમિંગ વર્કઆઉટમાં બ્રેસ્ટ સ્ટ્રોક, સાઈડ સ્ટ્રોક, બટરફલાય અને ફ્રી સ્ટાઈલ સામેલ હોય છે. દરેક સ્ટ્રોક્સનુ ફોક્સ અલગ અલગ મસલ ગ્રુપ્સ પર હોય છે. અલબત્ત પાણીમાં શરીરને મુવ કરવા માટે લગાવવામાં આવતા દરેક સ્ટ્રોકમાં વધુને વધુ મસલ ગ્રુપ્સ સામેલ હોય છે. વજન ઘટાડી દેવા માટે પણ સ્વિમિંગને ખુબ સારા વિકલ્પ તરીકે ગણવામાં આવે છે. અલબત્ત સ્વિમિંગની ગતિ , સ્વિમ સ્ટ્રોક અને વજન મુજબ કૈલોરી બર્ન થાય છે. એક કલાક સુધી સ્વિમિંગ કરવાથી એટલી જ કૈલોરી બર્ન થાય છે આની અસર જોડ અને હાડકા પર પણ પડે ચે. જો કોઈ વ્યક્તિનુ વજન ૧૬૦ પાઉન્ડ છે તો સામાન્ય ગતિથી એક કલાક સુધી સ્વિમિંગ કરવાથી આશરે ૪૨૩ કૈલોરી સરળ રીતે બર્ન થાય છે. ઝડપી ગતિથી ૭૧૫ કેલોરી બર્ન કરવામાં આવી શકે છે. જ્યારે એક કલાકમાં ૩.૫ મીલ વોક કરવા પર માત્ર ૩૧૪ કૈલોરી અને યોગ કરવાથી ૧૮૩ કૈલોરી પ્રતિ કલાક બર્ન થાય છે. જો તમે પોતાના વજનને ઘટાડી દેવા ઈચ્છો છો તો દરરોજ ૧૦થી ૩૦ મિનિટ અને સપ્તાહમાં એકથી ત્રણ વખત સ્વિમિંગ ચોક્કસપણે કરવી જોઈએ. દરેક સપ્તાહમાં સ્વિમની અવધિ પાંચ પાંચ મિનિટ સુધી વધારી દેવાની જરૂર હોય છે. સ્ટ્રોક્સ પણ વધારે કરવામાં આવે તે જરૂરી છે. સમગ્ર મસલ્સની કસરત થઈ શકે તે માટે સતત પ્રયાસો કરવા જોઈએ. બ્રેસ્ટ સ્ટ્રોકને વધારે સમય સુધી મેન્ટેન રાખવામાં સરળતા હોવાની સાથે સાથે કૈલોરી પણ બર્ન થાય છે. સ્વિમિંગના કારણે હાર્ટ રેટ વધે છે. શરીર પર કોઈ પણ પ્રકારના દબાણ વગર હાર્ટ રેટ વધે છે. સ્ટ્રેથ વધવા, અને સમગ્ર શરીરના મસલ્સ ટોન કરવામાં મદદ મળે છે. કાર્ડિયોવેસ્કુલર માટે પણ આ એક સારી કસરત છે. કેટલાક અભ્યાસમાં પણ આ બાબત ઉભરીને સપાટી પર આવી છે કે સ્વિમિંગ બ્લડપ્રેશરને ઘટાડી દેવા સાથે સાથે્લડ શુગને પણ નિયંત્રિત કરવામાં મદદરૂપ થાય છે. ઈજા થવા, કોઈ પણ પ્રકારની વિકલાંગતા થવાની સ્થિતીમાં પણ સ્વિમિંગ ફાયદાકારક સાબિત થાય છે. સ્વિમિંગથી વહેલી તકે તમામ પ્રકારની રિક્વરી થાય છે. પીડા પણ ઘટતી જાય છે. જો કે કેટલીક બિમારી ધરાવતા લોકોએ સાવધાનીપૂર્વક અને તબીબોની સલાહ મુજબ કોઈ કસરતને ધ્યાનમાં લેવા અને તેને અમલી કરવાની જરૂર હોય છે. અસ્થમાના દર્દીને પણ સ્વિમિંગના કારણે ફાયદો થાય છે. કારણ કે તેના કારણે શ્વાસની કસરત થઈ જાય છે. ફેફસાની ક્ષમતા પણ વધી જાય છે. એમ પણ માનવામાં આવે છે કે સ્વિમિંગ પુલમાં ઉપયોગ કરવામાં આવતા કેમિકલ એટલે કે ક્લોરીનથી અસ્થમાંની શંકા વધી જાય છે. આવી સ્થિતીમાં ક્લોરીનની જગ્યાએ સોલ્ટ વોટરનો ઉપયોગ કરનાર પુલની પસંદગી કરવામાં આવે તે જરૂરી છે. તબીબોની સલાહ મુજબ જ પગલા લેવામાં આવે તે જરૂરી છે. સ્વિમિંગના કારણે ગુડ કોલેસ્ટ્રોલ વધી જાય છે. સ્વસ્થ રહેવા માટે જરૂરી છે કે શરીરમાં બે કોલેસ્ટ્રોલનુ પ્રમાણ ઓછુ રહે અને ગુડ કોલેસ્ટ્રોલ એટલે કે એચડીએસનુ પ્રમાણ ઓછુ રહે. સપ્તાહમાં પાંચ વખત સ્વિમિંગ કરવાની સ્થિતીમાં કોલેસ્ટ્રોલનુ પ્રમાણ સંતુલિત રહે છે. આના કારણે હાર્ટ રોગની શંકા ઓછી થઈ જાય છે. સ્વિમિંગના કારણે શરીર વધારે સ્ફુર્તિમાં રહે છે. આ વર્કઆઉટમાં સ્ટ્રેચ, ટ્વિસ્ટ અને પાણીમાં પોતાને ખેંચવા જેવા પ્રક્રિયા હોય છે. જેના કારણે ફ્લેક્સિબિલિટી વધી જાય છે. તરતી વેળા કમરથી લઈને હાત, પગ અને પીઠના હાડકાનો પણ ઉપયોગ થાય છે. આ ઉપરાંત સ્વિમિંગથી લોહીનો પ્રવાહ ૧૪ ટકા સુધી સુધરે છે. જેના કારણે દિમાગ સુધી લોહી સરળતાથી પહોંચે છે. સંશોધન દર્શાવે છે કે પાણીમાં સ્ટ્રોક લગાવવાથી દબાણ છાતી પર આવે છે. આના કારણે લોહી પ્રવાહ સુધેરે છે. રાત્રી ગાળામાં સારી નિંદ લેવા માટે સ્વિમિંગ ખુબ ઉપયોગી સાબિત થાય છે. અભ્યાસમાં એવી માહિતી પણ સપાટી પર આવી છે જે લોકો પુરતી ઉંઘ આવતી નથી તેવી ફરિયાદ કરે છે.

## ઊંઘમાં બાળકને બબડવાની આદત છે? તો જાણો સ્વાસ્થ્ય પર શું પડે છે ખરાબ અસર



નાના બાળકોની ઘણી બધી આદતો એવી હોય છે, જે પેરેન્ટ્સને છોડાવવી અઘરી પડી જાય છે. આમ, વાત કરવામાં આવે તો ઘણાં બધા બાળકોને ઊંઘમાં બોલવાની આદત હોય છે. જો કે આ આદતને છોડાવા માટે પેરેન્ટ્સ હંમેશા ચિંતિત રહેતા હોય છે. નાના બાળકો બહુ ક્યૂટ હોય છે. નાના બાળકોની કેટલીક આદતો એવી હોય છે જે આપણાં ફેસ પર સ્માઈલ લાવી દે છે. આ માટે બાળકોને ભગવાન કહેવામાં આવે છે. જો કે બાળકોની ઘણી આદતો ખરાબ પણ હોય છે જે એમની હેલ્થને અનેક રીતે નુકસાન કરે છે. આમ વાત કરવામાં આવે તો ઘણાં બાળકોને રાત્રે ઊંઘમાં બોલવાની આદત હોય છે. જો કે આ આદતને મોટાભાગના પેરેન્ટ્સ સામાન્ય ગણતા હોય છે. પરંતુ આ આદતથી હેલ્થને નુકસાન થાય છે. બાળકો ઊંઘમાં જ્યારે બોલે છે ત્યારે એ પાછળ અનેક કારણો જવાબદાર હોય છે. ઘણી વાર કોઈ વસ્તુથી હેરાન થતો હોય તો પણ આવી આદત પડી શકે છે. આ સાથે તાવ આવવા પર તેમજ કોઇ પણ ફેમિલી વેકેશન તેમજ સ્કૂલ જવાની ખુશીમાં બાળકો ઊંઘમાં બોલતા હોય છે. આમ બાળકની સ્લીપ સાયકલ જ્યારે ખરાબ હોય ત્યારે ઊંઘમાં બોલી શકે છે. કેટલાક રિપોર્ટ્સનું માનીએ તો જ્યારે પેરેન્ટ્સમાં આ આદત હોય છે ત્યારે એ બાળકોમાં પણ આવી શકે છે. પેરેન્ટ્સ હંમેશા બાળકોની એ આદતો પર નોટિસ કરતા હોય છે જેના કારણે હેલ્થને નુકસાન થાય. આમ, તમે વિચારી રહ્યા છો કે ઊંઘમાં વાત કરવાની આદતથી બાળકના સ્વાસ્થ્યને કોઇ નુકસાન થતુ નથી તો આ તમારી સૌથી મોટી ભૂલ છે. ૩ વર્ષથી ૧૨ વર્ષના બાળકોમાં આ સમસ્યા વધારે જોવા મળે છે. ઘણાં બાળકો ઊંઘમાં બોલતા હોય છે તેમજ હસતા હોય છે. આ સાથે ઘણાં બાળકો ગુસ્સો પણ કરતા હોય છે. રિપોર્ટ્સનું માનીએ તો આ વાતને લઈને બાળકોની હેલ્થ પર કોઈ અસર થતી નથી. આમ, વાત કરવામાં આવે તો આ કોઇ ગંભીર સમસ્યા નથી. આ માટે પેરેન્ટ્સ આ વાતને લઈને સ્ટ્રેસ ફ્રી રહો. પરંતુ તમારું બાળક આવું દરરોજ કરે છે તો ધ્યાન આપવુ ખૂબ જરૂરી છે.

# પેકેટવાળા કુરકુરેની અસલી હકીકત સામે આવી, ખાવાની આદત હોય તો બંધ કરી દેજો

કુરકુરેની સાથે પણ કંઈક આવું જ થયું હતું. થોડો સમય તેની સેલ્સ ડાઉન રહી, પણ ત્યાર બાદ વેચાણ થવા લાગ્યું. છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા પર એક શખ્સ ખાવા પીવાની ચીજોને માઈક્રોસ્કોપ ની નીચે નાખીને લોકોને શૉક કરી રહ્યો છે.

થોડા સમય પહેલા માર્કેટમાં કુરકુરે ચિપ્સને લઈને ખૂબ જ હોબાળો થયો હતો. કહેવાય છે કે આ ચિપ્સને પ્લાસ્ટિકમાંથી બનાવી છે. જો આ ચિપ્સને આગ લગાવવામાં આવે તો, આ પ્લાસ્ટિકની માફક પીઘળી જાય છે. પણ તે બાદ કંપનીએ તેને ફક્ત અફવા ગણાવીને ખોટી અફવા ગણાવી હતી. બાદમાં એજ થયું જે ભારતમાં મોટા ભાગે થાય છે. જ્યારે કોઈ વસ્તુ વિશે અફવા કે ખોટી વાત ફેલાય તો, લોકો તે સામાન લેવાનું બંધ કરી દે છે, પણ હોબાળો થતા જ પાછું વેચાણમાં પહેલાની માફક આવી જાય છે.

કુરકુરેની સાથે પણ કંઈક આવું જ થયું હતું. થોડો સમય તેની સેલ્સ ડાઉન રહી, પણ ત્યાર બાદ વેચાણ થવા લાગ્યું. છેલ્લા





કેટલાક સમયથી સોશિયલ મીડિયા પર એક શખ્સ ખાવા પીવાની ચીજોને માઈક્રોસ્કોપની નીચે નાખીને લોકોને શૉક કરી રહ્યો છે. આ શખ્સ લોકોને બતાવે છે કે, ખાવાની ચીજોમાં અલગ અલગ શું ભેળવેલું હોય છે ? ક્યારે લોકોને તેમાં બેક્ટેરિયા દેખાય છે, તો ક્યારે એવી ચીજો જેના વિશે લોકોને ખબર નથી હોતી. હવે તેણે કુરકુરેના પેકેટની અસલી હકીકત લોકોને બતાવી છે.

શખ્સે લોકોને કુરકુરેની અસલી હકીકત બતાવવા માટે દસ રૂપિયાની ચિપ્સનું પેકેટ પર એક્સપેરિમેન્ટ કર્યું છે. તેણે ચિપ્સને માઈક્રોસ્કોપની અંદર નાખ્યું. ત્યાર બાદ લોકોને બતાવ્યું કે, એક ચિપ્સના ટુકડામાં શું થાય છે. ચિપ્સમાં દાળ અને મસાલા ઉપરાંત લોકોને માઈક્રોપ્લાસ્ટિક નજરે પડે છે. આ માઈક્રોપ્લાસ્ટિક માણસના સ્વાસ્થ્ય માટે ખૂબ જ ખતરનાક હોય છે. તેના સેવનથી કેટલાય પ્રકારની બીમારીઓ પણ થાય છે.

શખ્સે કુરકુરે પહેલા પણ ખાવા-પીવાની વસ્તુઓની કેટલીય એક્સપેરિમેન્ટ કરીને લોકોને બતાવી હતી. પાણીપુરીના પાણીમાં કીડાથી લઈને ફ્રીજમાં રાખવામાં આવતા ચોખાના બેક્ટેરિયા, સૌને શખ્સે માઈક્રોસ્કોપ દ્વારા લોકોને બતાવ્યું હતું. જે વસ્તુઓને આપણે નરી આંખે જોઈ નથી શકતા, તેને આ શખ્સ માઈક્રોસ્કોપ દ્વારા બતાવે છે. કુરકુરેમાં મળેલા માઈક્રોપ્લાસ્ટિકના અંશ જોયા બાદ કેટલાય લોકોએ કમેન્ટમાં લખ્યું કે, હવે તે ક્યારેય કુરકુરે નહીં ખાય. તો વળી કેટલાયે લખ્યું કે, આ કંપનીઓ લોકોના હેલ્થ સાથે ખિલવાડ કરી રહ્યા છે. તેનાથી કેટલીય બીમારીઓ થઈ શકે છે.

## સોના જેટલું કિંમતી લાકડું



એક દુર્લભ આફ્રિકી બ્લેકવુડ લાકડાં માટે સેનેગલના જંગલોમાં માફિયાઓ એક-બે નહીં પણ ડઝનેક લોકોની હત્યા કરી શકે છે. દક્ષિણ આફ્રિકાના અનેક દેશોમાં મળનારાં આ દુર્લભ લાકડાના ઝાડની રખેવાળી સશસ્ત્ર સુરક્ષા કર્મચારીઓ કરે છે અને તેમને હંમેશાં પોતાના જીવનો ડર રહેતો હોય છે. જી હાં, અમે દુનિયાના સૌથી મોંઘા લાકડાની વાત કરી રહ્યાં છીએ, જે સફેદ ચંદનથી ૫૦ ગણું અને લાલ ચંદનથી ૪૦ ગણું મોંઘું હોય છે. જ્યારે ભારતમાં ચંદનનું લાકડું સૌથી મોંઘું હોવાનું મનાય છે. આફ્રિકી બ્લેકવુડ લાકડું દુનિયામાંની અનેક ધાતુઓ કરતાં પણ મોંઘું છે. એક કિલો બ્લેકવુડ લાકડું સાડા સાતથી આઠ લાખ રૂપિયામાં મળે છે. એનો અર્થ એવો થયો કે તમે એક કિલો બ્લેકવુડ લાકડાંની કિંમતમાં ભારત જેવાં દેશમાં એક ખાસ્સી લકઝરી કાર ખરીદી શકો છો.

આ દુર્લભ લાકડું આફ્રિકાના ૨૬ દેશોમાં મળે છે. આ લાકડું જે ઝાડમાંથી મળે છે એ ઝાડને તૈયાર થતાં કમ સે કમ ૬૦ વર્ષ લાગે છે. દુનિયાના અનેક દેશોમાં આફ્રિકી બ્લેકવુડના ઝાડને વિકસાવવાની કોશિશ કરવામાં આવી છે અને અનેક જગ્યાએ તેનું ઝાડ પણ તૈયાર થઇ ગયું છે. પણ તેમાં એ ક્વૉલિટી નથી જે પૂર્વી અને દક્ષિણી આફ્રિકામાં મળનારા બ્લેકવુડ ટ્રીમાં હોય છે. આ ખૂબ જ સુકા અને સતત વહેતી ગરમ શુષ્ક હવાના ખાસ પર્યાવરણમાં વિકસિત થાય છે. આવું હુબહુ વાતાવરણ દુનિયાની બીજી જગ્યાઓ પર મળવું મુશ્કેલ છે. જોકે, ભારતના અનેક ક્ષેત્રમાં આફ્રિકી બ્લેકવુડ ટ્રી આસાનીથી લગાડવામાં આવ્યા છે, પણ તેનાં લાકડાની ગુણવત્તામાં એ વાત નથી જે કેન્યા, સેનેગલ, તાન્ઝાનિયા, ઈરિટ્રિયામાં મળનારા આફ્રિકી બ્લેકવુડ ઝાડના લાકડામાં છે.

આફ્રિકી બ્લેકવુડ એક સદાબહાર વૃક્ષ છે, જેની ઊંચાઇ લગભગ ૪૦ મીટર સુધી હોય છે. આ ઝાડ ખૂબ જ કઠણ અને ટકાઉ લાકડું ઉત્પન્ન કરે છે. આ લાકડાની સૌથી મોટી વિશેષતા એ છે કે એ ક્યારેય સડતું નથી, તેમાં કીડા થતાં નથી અને ઉધઇ તો દૂર જ રહે છે. જાવા દ્વીપમાં પણ આ ઝાડ ઉગાડવાની કોશિશ કરવામાં આવી છે, અને શક્યતા એ પણ છે કે ભવિષ્યમાં લગભગ એવું જ વાતાવરણ પેદા કરવામાં આવે જેવું આફ્રિકી દેશોમાં હોય છે, અને આફ્રિકા સિવાયના દેશોમાં પણ તે મેળવી શકાય. કેમકે આંતરરાષ્ટ્રીય બજારમાં તેની ખૂબજ માગ છે.

દુનિયામાં સૌથી સારી ગુણવત્તાવાળા ગિટાર, શરણાઈ અને વાંસળી આ જ લાકડીમાંથી બને છે. આ જ લાકડામાંથી દુનિયાના સૌથી મોંઘા અને લકઝરી ફર્નિચર પણ બનાવવામાં આવે છે.

# આવી સ્ત્રીઓ પોતાના પતિથી ક્યારે ખુશ નથી થતી

આચાર્ય ચાણક્યની ગણતરી વિશ્વના શ્રેષ્ઠ વિદ્વાનોમાં થાય છે. આચાર્ય ચાણક્ય પોતાના ગ્રંથ ચાણક્ય નીતિમાં એ મહિલાઓનો ઉલ્લેખ કરવામાં આવે છે જે પોતાના પતિથી ક્યારે સંતુષ્ઠ થતી નથી અને વાત વાત પર ઝગડતી રહે છે.

એમની જણાવવામાં આવેલી વાતોનું લોકો આજે પણ સ્મરણ કરે છે. એમણે પોતાના ગ્રંથ ચાણક્ય નીતિમાં બિઝનેસ, દાંમ્પત્ય જીવન, સમાજ, જીવન, પૈસા, સ્વાસ્થ્ય સાથે જોડાયેલી ઘણી વાતોનો ઉલ્લેખ કર્યો છે. આચાર્ય ચાણક્યએ પોતાના ગ્રંથમાં એમની તમામ વાતો પર ધ્યાન આપ્યું છે તો જીવનને સુખમય બનાવવામાં મદદ કરી શકે છે. આચાર્ય ચાણક્યની આ વાતોને જો કોઈ વ્યક્તિ સ્મરણ કરે તો કોઈ પણ ખરાબ પરિસ્થિતિનો સામનો કરી શકે છે.

આચાર્ય ચાણક્યની નીતિઓ વ્યક્તિને અનેક પ્રકારની સમસ્યાઓ અને અવરોધોથી બચાવી શકે છે, વિવાહિત જીવન સંબંધિત સમસ્યાઓનો પણ આમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આચાર્ય ચાણક્યએ પોતાના પુસ્તક ચાણક્ય નીતિમાં એવી મહિલાઓનો પણ ઉલ્લેખ કર્યો છે જેઓ પોતાના પતિથી ક્યારેય સંતુષ્ટ નથી હોતી, તો ચાલો જાણીએ આ મહિલાઓ વિશે.

વધુ બોલતી મહિલાઓઃ ઘણી વાર એવું જોવા મળે છે કે સ્ત્રીઓ પુરૂષો કરતા વધુ બોલકણી હોય છે, જે સ્ત્રીઓના પતિ તેમની સાથે દરેક વિષય પર વાત કરે છે તે હંમેશા ખુશ રહે છે, પરંતુ જે સ્ત્રીઓના પતિ શાંત સ્વભાવની હોય છે તેઓ ઘણી વાર તેમનાથી અસંતુષ્ટ હોય છે. ઘણી વખત પતિના ન બોલવાના કારણે સંબંધોમાં તિરાડ આવે છે અને મહિલાઓ શાંત થઈ જાય છે.

ગુસ્સાવાળી પત્નીઓઃ કેટલીક સ્ત્રીઓનો સ્વભાવ શરૂઆતથી જ ગુસ્સાવાળો હોય છે. તેઓ સહેજ વાત પર મોઢું ચડાવીને બેસી જાય છે. આચાર્ય ચાણક્યએ પોતાના પુસ્તકમાં કહ્યું છે કે આવી મહિલાઓ પોતાના પતિથી હંમેશા અસંતુષ્ટ રહે છે. તે જાણતી નથી કે ક્યારે કોના પર ગુસ્સો કરવો. આવી સ્થિતિમાં તે ઈચ્છે છે કે સામેની વ્યક્તિ તે જે ઈચ્છે તે કરે, જેમાં ઘણી વખત પતિ નિષ્ફળ જાય છે અને સંબંધ બગડવા લાગે છે.

સ્વાર્થી સ્ત્રીઓઃ કેટલાક લોકો ફક્ત પોતાના વિશે જ વિચારે છે. તેઓ હંમેશા એ કરે છે જે તેમના માટે ફાયદાકારક હોય છે. આ ટ્રેન્ડ મોટાભાગે મહિલાઓમાં જોવા મળે છે. આવી સ્ત્રીઓ પણ તેમના પતિ પાસે આવી જ અપેક્ષા રાખે છે અને જ્યારે કામ થઈ જાય ત્યારે તેઓ આગળના સ્વાર્થ તરફ આગળ વધે છે. આવી મહિલાઓ પોતાના પતિથી ક્યારેય સંતુષ્ટ નથી હોતી, કારણ કે તેઓ પોતાના સ્વાર્થને સંબંધોથી ઉપર રાખે છે.

વિશ્વાસઘાતી પુરુષઃ સ્ત્રીઓ ઘણીવાર તેમના પતિ પર આંધળો વિશ્વાસ કરે છે, પરંતુ એકવાર આ વિશ્વાસ તૂટી જાય છે, તેઓ ફરીથી તેના પર ક્યારેય વિશ્વાસ કરી શકતા નથી. સ્ત્રીઓ ઘણીવાર એવા પુરૂષોથી

BOLLYWOOD NEWS FLASH

## સની દેઓલે એકવાર શ્રીદેવીને ફિલ્મ 'ઘાયલ'માં કામ કરવાની ઓફર કરી હતી, જોકે, અભિનેત્રી તેની સાથે કામ કરવા તૈયાર નહોતી



## ૬ એક્ટ્રેસ સની દેઓલ સાથે નહોતી કરવા માંગતી કામ

| મુંબઈ, તા.૨૯ |

૨૨ વર્ષ પહેલા જ્યારે 'ગદર ૨' ની પ્રિક્વલ 'ગદર' રિલીઝ થઈ ત્યારે કોઈએ વિચાર્યું ન હતું કે, આ ફિલ્મ ભારતીય દર્શકોના દિલમાં ઘર-ઘરનું નામ બની જશે. તારા સિંહ અને સકીનાના રોલમાં સની દેઓલ અને અમીષા પટેલની હિટ જોડી 'ગદર ૨'થી કમબેક કરી રહી છે, પરંતુ અમીષા પટેલ પહેલા સકીનાનો રોલ કેટલીક જાણીતી અભિનેત્રીઓને ઓફર કરવામાં આવ્યો હતો, પરંતુ તેની સાથે કામ ન કરવાની જીદને કારણે સની દેઓલના હાથમાંથી એક મોટી તક સરકી ગઈ. આજે તેને પોતાના નિર્ણય પર પસ્તાવો થઈ શકે છે. સની દેઓલે ખુલાસો કર્યો હતો કે, ટોચની અભિનેત્રીઓ તેના બદલે શાહરૂખ, સલમાન અને હ્રતિક રોશન જેવા સુપરસ્ટાર સાથેની ફિલ્મો પસંદ કરતી હતી અને તેની સાથે કામ કરવાની ના પાડી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, 'ગદર'ના મેકર્સે સકીનાના રોલ માટે કાજોલનો સંપર્ક કર્યો હતો, પરંતુ તેને સની દેઓલ સાથે કામ કરવામાં રસ નહોતો. સની દેઓલે એકવાર ઐશ્વર્યા રાયને એક ફિલ્મમાં કામ કરવાની તક આપી હતી, જેના માટે તે તૈયાર નહોતી. એવું પણ સાંભળવામાં આવ્યું હતું કે, ઐશ્વર્યા રાયને 'ગદર' પણ ઓફર કરવામાં આવી હતી, જેના માટે અભિનેત્રી રાજી નહોતી. માધુરી દીક્ષિતે સની દેઓલ સાથે ફિલ્મ 'ત્રિદેવ' કરી હતી, પરંતુ જ્યારે તેને 'ગદર'ની ઑફર મળી ત્યારે તેણે આ ફિલ્મ કરવાની ના પાડી દીધી હતી. આલિયા ભટ્ટની માતા સોની રાઝદાનને પણ 'ગદર'માં રોલ ઓફર કરવામાં આવ્યો હતો.

# હું મારા અંગત જીવનમાં ગમે તે કરું, તેનાથી કોઈ શું મતલબ?

| મુંબઈ, તા.૨૯ |

તારક મહેતા કા ઉલ્ટા ચશ્મામાં બાપુજીનો રોલ પ્લે કરી રહેલા અમિત ભટ્ટ સોશિયલ મીડિયા પર પોતાના વિચારો રજૂ કરતાં રહે છે. હાલમાં તેમણે કેટલાક લોકો પાસે કેટલો ફાલતુ સમય હોય છે અને એક્ટરના શારીરિક દેખાવ પર કોમેન્ટ કરતા પહેલા એક વખત પણ વિચાર કરતાં નથી તેના વિશે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે 'મારું સોશિયલ મીડિયા અકાઉન્ટએ વધારે પર્સનલ છે. કેટલાક યુવાનો રીલ્સ બનાવવામાં અને રોજ એક્ટર્સ પર સવાલ કરવામાં વ્યસ્ત છે. હું એક એક્ટર છું અને મારું



ફોકસ મારા કામ પર છે. જ્યારે તેઓ મારા દાંત અથવા બાહ્ય દેખાવ પર ટિપ્પણી કરે છે તે મને ગમતું નથી'. આગળ તેમણે કહ્યું હતું કે, તેઓ શું ખાય છે અથવા અંગત જીવનમાં કેવી રીતે સમય પસાર કરે છે તેનો જવાબ કોઈને પણ આપવા માટે તેઓ બંધાયેલા નથી. અમિત ભટ્ટે કહ્યું હતું કે, 'હું મારી પત્ની સાથે વેકેશન પર હતો ત્યારે એક વીડિયો શેર કર્યો હતો. તે સમયે કોઈએ કેટલીક નેગેટિવ કોમેન્ટ કરવાનું શરૂ કર્યું હતું. લોકો સમજતા નથી કે આ અમિત ભટ્ટનું સોશિયલ મીડિયા અકાઉન્ટ છે, મારા પાત્ર ચંપક લાલ ગડાનું અકાઉન્ટ નહીં. હું ઘરે અથવા મારા વેકેશન પર શું કરું છે તે વિશે જાણવાની કોઈને જરૂર નથી. હું મારા અંગત જીવનમાં કંઈ પણ કરી શકું છું અથવા સોશિયલ મીડિયા અકાઉન્ટ પર વેકેશનની તસવીરો શેર કરી શકું છું. તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' શોને ૧૫ વર્ષ પૂરા થવા આવ્યા છે અને શરૂઆતથી જ અમિત ભટ્ટ તેનો ભાગ છે. આ વિશે તેમણે કહ્યું હતું કે 'મારી અસલી ઉંમર કરતાં મોટી ઉંમરનું પાત્ર ભજવવામાં મને મજા આવી રહી છે. મને કોઈ જ વાંધો નથી કારણ કે લોકો વર્ષોથી મારા પાત્ર સાથે કનેક્ટેડ છે. વૃદ્ધ વ્યક્તિનું પાત્ર ભજવવું તે પડકાર છે. હાલમાં અમિત ભટ્ટ ત્યારે ચર્ચામાં આવ્યા હતા જ્યારે તેમણે ફેનના ગુટકા વિશેના સવાલનો જવાબ આપ્યો હતો. મે મહિનામાં તેમણે પત્ની સાથેની એક ફની રીલ શેર કરી હતી, જેમાં તેઓ હિંદી ડાયલોગ બોલી રહ્યા હતા.

**આગળ તેણે કહ્યું હતું કે મને લાગે છે કે આપણે દરેક વાતથી ડરીએ છીએ, લોકોની કોમેન્ટને આપણે ટ્રોલ તરીકે લઈએ છીએ**

## સરળ નથી હોતી IVFની પ્રક્રિયા : દેબિના બેનર્જી

| મુંબઈ, તા.૨૯ |

૨૫ જુલાઈએ વર્લ્ડ આઈવીએફ ડે હતો ત્યારે દેબિના બેનર્જીએ તેના લેટેસ્ટ વ્લોગમાં આ વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા. જણાવી દઈએ કે, બે દીકરી મમ્મી, દેબિનાએ ઘણા બધા નિષ્ફળ પ્રયાસ બાદ પહેલા બાળકને જન્મ આઈવીએફથી જ આપ્યો હતો. તેણે વ્લોગમાં આઈવીએફ માટે જતી મહિલાઓને કેટલી અલગ રીતે જોવામાં આવે છે તેના વિશે વાત કરી હતી. તેણે કહ્યું હતું કે 'હાલમાં મને જાણવા મળ્યું કે, જે મહિલાઓ આઈવીએફ કરાવવાનું પસંદ કરે છે




તેમને અલગ રીતે જોવામાં આવે છે, તેમની સાથે અલગ પ્રકારનું વર્તન કરવામાં આવે છે. તેવા બાળકો માટે પણ લોકોનો દ્રષ્ટિકોણ અલગ હોય છે. લોકો તેમને ટ્રોલ કરે છે. આગળ તેણે કહ્યું હતું કે 'મને લાગે છે કે આપણે દરેક વાતથી ડરીએ છીએ, લોકોની કોમેન્ટને આપણે ટ્રોલ તરીકે લઈએ છીએ. લોકો શું વિચારશે તેવો ડર મને ક્યારેય લાગ્યો જ નહોતો અને મે મારી આખી જર્ની પણ શેર કરી હતી. મને ક્યારેય લાગ્યું નહોતું કે, આઈવીએફ માટે મને ટ્રોલ કરવામાં આવી રહી હતી. જેઓ ટ્રોલ કરે છે તેમનું કામ જ આ છે, કારણ કે તેમની પાસે બીજું કોઈ કામ નખી. જો આપણે લોકો શું વિચારશે તેમ વિચારતા રહીશું તો જીવનમાં કંઈ જ નહીં કરી શકીએ. તેથી, પોતાના વિશે વધારે વિચારવાની જરૂર છે.

## હર્ષવર્ધનની સાત વર્ષમાં આવી ૪ ફિલ્મો, ચારેયથી નિરાશ

| મુંબઈ, તા.૨૯ |

વર્ષ ૨૦૧૬માં જ્યારે સ્ટાર કિડે ડેબ્યૂ કર્યું ત્યારે લોકો તેનામાં તેના સુપરસ્ટાર પપ્પાની ઝલક શોધવા લાગ્યા, પરંતુ ટૂંક સમયમાં જ ફિલ્મ મિર્ઝ્યાના બોક્સ ઓફિસ કલેક્શને તે બધું સાફ કરી દીધું. મિર્ઝ્યા લગભગ ૧૫ કરોડ રૂપિયામાં બની હતી, જેણે બોક્સ ઓફિસ પર ૧૦.૪૯ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. ડેબ્યુ ફિલ્મ ફલોપ રહી, અનિલ કપૂરના પુત્ર હર્ષવર્ધન કપૂરને બોલિવૂડમાં સપનાની શરૂઆત ન મળી. તેની બહેન સોનમ કપૂરની પણ શરૂઆત સારી રહી ન હતી, પરંતુ બાદમાં નામ કમાયું. હર્ષવર્ધન કપૂર આશાઓના હાથ પકડીને આગળ વધી રહ્યો છે. હર્ષવર્ધન કપૂરની આગામી ફિલ્મ ભાવેશ જોશી સુપરહીરો વર્ષ ૨૦૧૮માં



રિલીઝ થઈ હતી. પ્રેક્ષકો આ વખતે પણ થિયેટર તરફ વળ્યા ન હતા, પરંતુ ફિલ્મ અને હર્ષવર્ધનના કામની પ્રશંસા કરવામાં આવી હતી, જોકે દર્શકો તેમની પાસેથી થોડી વધુ અપેક્ષા રાખતા હતા. વિક્રમાદિત્ય મોટવાણી દ્વારા નિર્દેશિત આ એક થ્રિલર મૂવી છે, જે અનુરાગ કશ્યપ દ્વારા સહ-લેખિત છે. ફિલ્મ 'ભાવેશ જોશી સુપરહીરો'એ બોક્સ ઓફિસ પરથી ૪.૭૫ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ ફિલ્મ બનાવવામાં લગભગ ૨૧ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. હર્ષવર્ધન કપૂર ફરીથી્ પર રિલીઝ થયેલી AK vs AKમાં દેખાયો, જેમાં તેના પિતા અનિલ કપૂર અને અનુરાગ કશ્યપ મહત્વની ભૂમિકામાં છે. આ ફિલ્મમાં તેની એક ખાસ ભૂમિકા છે, જેના વિશે કહેવા માટે ઘણું નથી.

## શર્લિન ચોપરાએ સાડી પહેરીને વરસાદમાં દેખાડ્યો હુસ્નનો જલવો

| મુંબઈ, તા.૨૯ |

ઈન્ટરનેટ પર આ દિવસોમાં શર્લિન ચોપરાની તસવીરો અને વિડીયો અનેક રીતે જોવા મળતા હોય છે. શર્લિન ચોપરા એટલી હદે રિવીલિંગ ડ્રેસ પહેરતી હોય છે કે લોકો એની તુલના ઉર્ફી જાવેદ, સોફિયા અંસારી સાથે કરવા લાગ્યા છે. શર્લિન ચોપરાના અનેક વિડીયો અને હોટ તસવીરો સોશિયલ મિડીયામાં જોવા મળે છે. જો કે આ જોતજોતામાં જ વાયરલ થઇ રહ્યા છે. શર્લિન ચોપરાની આ લેટેસ્ટ તસવીરોએ હાલમાં જોર પકડ્યુ છે. આ તસવીરોમાં શર્લિન ચોપરા હોટ અંદાજમાં જોવા મળી રહી છે. હાલમાં શર્લિન ચોપરાએ જૂહુના પીવીઆરમાં જ્યારે સ્પોટ થઇ તો એને ફેન્સને



મદહોશ કરવાનો કોઈ મોકો છોડ્યો નથી. આ દરમિયાન શર્લિન ચોપરાએ લાલ રંગની સાડી પહેરી હતી અને પછી એકથી એક હોંશ એવા દેખાડ્યા હતા જે જોઈને તમે પણ ફિદા થઈ જશો. શર્લિન ચોપરાની આ લેટેસ્ટ તસવીરો જોઈને તમે પણ ફિદા થઈ જશો. શર્લિન ચોપરા, ઉર્ફી જાવેદ જેવી એક્ટ્રેસની તસવીરો સોશિયલ મિડીયામાં વાયુવેગે વાયરલ થાય છે. પૈપરાઝીએ શર્લિન ચોપરાને જોઈ અને એવી તસવીરો ક્લિક કરી જે જોઈને ફેન્સ પણ પાગલ થઈ ગયા છે. આ તસવીરોમાં શર્લિન ચોપરાએ પર્પલ કલરની બ્રાલેટ પહેરી હતી અને સાથે લાલ રંગની સાડી પહેરી હતી. આ તસવીરોમાં શર્લિન ચોપરાએ એની ફિગરને ઘણી બોલ્ડ તસવીરો ફ્લોન્ટ કરી છે.

# ઝાલોદ સોમનાથ મહાદેવ મંદિરે વાર્ષિક જનરલ મીટિંગ યોજાઈ

## આગામી શ્રાવણ મહિનામાં મંદિરમાં વિવિધ આયોજન અંગે રૂપરેખા બનાવવામા આવી , પાણી, દૂધ, બીલીપત્રની વિશેષ વ્યવસ્થા કરવામાં આવેલ

। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૯ ।

ઝાલોદ નગરનું સોમનાથ મહાદેવ મંદિર અતિ પ્રાચીન છે. આ મંદિરે શ્રાવણ મહિનામાં વિશેષ ભક્તિ ભર્યા ધાર્મિક પ્રોગ્રામોનું આયોજન કરવામાં આવે છે. નગરના સમસ્ત હિન્દુ સમાજના લોકો આ ધાર્મિક પ્રોગ્રામમાં તન મન ધન થી સહયોગ કરતા હોવાથી અહીંયાં ઉજવાતા શ્રાવણ મહિનાના ઉત્સવો અનેરું આકર્ષણ ધરાવે છે. તારીખ ૨૮-૦૭-૨૦૨૩ શુક્રવારના રોજ દર વર્ષની જેમ આ વર્ષે પણ મંદિર સમિતિ દ્વારા સોમનાથ મહાદેવ ખાતે વાર્ષિક જનરલ મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. વાર્ષિક જનરલ મીટિંગમાં નગરના હિન્દુ સમાજના લોકો મોટા પ્રમાણમાં જોડાયા હતા. સહુ પ્રથમ સાંજે ઉપસ્થિત સહુ લોકો આરતીના સમય પર ભગવાન ભોલેનાથની આરતી કરી મીટિંગની સરુંવાત કરવામાં આવી હતી. આ મીટીંગમાં આવનાર શ્રાવણ મહિનામાં માટે ઉપસ્થિત સહુ લોકોની સંમતિ થી આખા મહીના માટે આયોજન કરવામાં આવ્યું હતું. આ મીટિંગમાં શ્રાવણ મહિના દરમ્યાન સોમનાથ મહાદેવ મંદિરે નગરની વિવિધ મહિલા મંડળો દ્વારા અલગ અલગ દિવસે ભજન, સત્સંગ, સુંદરકાંડ,પૂજા પાઠ, હોમત્મક હવન, કાવડ યાત્રા, ભવ્ય શોભાયાત્રા, ભંડારાઓ માટે આયોજન



કરવામાં આવ્યું હતું. મંદિરમાં આ બધા ખર્ચને પ હોંચી વળવા ઉપસ્થિત સહુ લોકોને સહયોગ આપ વા જણાવતા ઉપસ્થિત સહુ લોકો દ્વારા ઉદાર દિલે મંદિર કમિટીને દાન આપી સહયોગ કરેલ હતો. મંદિરમાં શ્રાવણ મહિના અંતર્ગત મંદિર સમિતિ દ્વારા પાણી, દૂધ, બીલીપત્રની વિશેષ વ્યવસ્થા કરવામાં આવેલ છે તેમજ આખાં શ્રાવણ મહિના દરમ્યાન ભગવાન ભોલેનાથને વિશેષ થાળ પણ ધરાવવામાં આવનાર છે. વિશેષમાં દર સોમવારે ભગવાન ભોલેનાથનો શ્રાવણ મહિના દરમિયાન અલૌકિક વિશેષ શણગાર કરવામાં આવનાર છે સાથે સાથે નિત્ય દરરોજ ભગવાન ભોલેનાથની સવાર સાંજ થનાર મહા આરતીમાં ભાવિક ભક્તોને હાજર રહેવા પણ અનુરોધ કરાયો હતો. છેલ્લે સહુ ઉપસ્થિત લોકો માટે મંદિર સમિતિ દ્વારા મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# અર્જુન, નિક્કી શર્મા એક રોમાન્ટિક સિક્વન્સ માટે મુંબઈના ભારે વરસાદમાં બહાદૂરી બતાવી

ઝી ટીવીનો તાજેતરમાં રજૂ થયેલો એક અદભુત નાટકમાં શિવ-શક્તિની ગતિશિલતાને એક સમકાલીન રીતે રજૂ કરીને પ્રેમની હિલિંગ શક્તિને દર્શાવવામાં આવી છે. ‘સ્ટુડિયો એલએસડી પ્રોડક્શન્સ’ દ્વારા પ્રોડ્યુસ મંત્રમુગ્ધ કરી દેતા શો પ્યાર કા પહેલા અધ્યાય શિવશક્તિમાં જાદુઈ જોડી તરીકે, અર્જુન બિજલાની- શિવ તરીકે અને નિક્કી શર્મા- શક્તિ તરીકે જોવા મળશે. વારાણસી-દેશના આધ્યાત્મિક પાટનગર પર આધારીત આ શોમાં તેની આકર્ષક વાર્તાથી હૃદય અને આત્માને પ્રજ્વલિત કરે છે. હવે દર્શકો માટે એ જોવુ રસપ્રદ રહેશે કે, શું શક્તિએ તેની પ્રેમની શક્તિથી તૂટેલા શિવની સપોર્ટ સિસ્ટમ બનીને તેને ઉભો કરી શકશે. તાજેતરમાં જ મુંબઈના ભારે વરસાદની વચ્ચે આગામી સિકવન્સનું શૂટિંગ ચાલી રહ્યું હતું ત્યારે અર્જુન બિજલાની અને નિક્કી શર્મા શો માટે તેમનો પ્રથમ રોમાન્ટિક સિકવન્સ માટે તૈયારી કરી રહ્યા હતા. સિકવન્સ દરમિયાન શક્તિએ સ્કોલરશીપ મેળવી હોવાથી તેને ખુશીથી શિવને ભેટી પડવાનું છે, ત્યારે મુંબઈના વરસાદે આ ક્ષણમાં વધુ જાદુઈ સુંદરતા ઉમેરી છે. જો કે, આ અવિસ્મરણિય અનુભવ પણ પડકાર વગર પૂરો નથી થયો. સિકવન્સના શૂટિંગ માટે વરસાદમાં ૭થી ૮ કલાક લાગ્યા હતા, જેને લીધે નિક્કી અને અર્જુનની એક કલાકાર તરીકેની બધી મર્યાદાઓથી આગળ વધી ગયું હતું. કલાકારોએ જરૂરી બધા જ સાવચેતીના પ ગલા લીધા હતા, જેથી તેઓ પોતાની જાતને સલામત રાખી શકે. પણ વાતાવરણની અનિશ્ચિતતાએ તેમની સંપૂર્ણ પરિક્ષા કરી લીધી. ’’ અર્જુન બિજલાની કહે છે, “મુંબઈના ભારે વરસાદની વચ્ચે પ્યાર કા પ હેલા અધ્યાય શિવશક્તિના સેટ પર નિક્કી અને મેં એક સમર્પિત ૭-૮ કલાક સુધી અમારા પ્રથમ રોમાન્ટિક સિકવન્સનું શૂટિંગ કર્યું.

# ઝાલોદ તાલુકાની કારઠ પ્રાથમિક શાળામાં બાળ સાંસદ ચૂંટણી યોજાઈ



। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૯ ।

ઝાલોદ તાલુકાની કારઠ પ્રાથમિક શાળામાં બાળ સાંસદ ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના બાળકોની, બાળકો માટે અને બાળકો દ્વારા ચાલતી બાળ સાંસદ માટે સૌપ્રથમ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું. ફોર્મ ભરવા, ફોર્મ પરત ખેંચવા, ફોર્મ રદ થવા અંગે માહિતગાર કરવામાં આવ્યા. શાળા મહામંત્રી માટે કુલ દશ ઉમેદવાર દ્વારા ફોર્મ ભરવામાં આવ્યા તેમાંથી એક ઉમેદવારે ફોર્મ પરત ખેંચ્યું અને ત્રણ ફોર્મ રદ થયેલ હતા. છેલ્લે મહામંત્રી માટે છ ઉમેદવાર રહ્યા હતા. મહામંત્રીના ઉમેદવારોએ પોતાને જંગી બહુમતીથી વિજયી અપાવવા માટે વિદ્યાર્થીઓમાં પ્રચાર પ્રસાર કર્યો હતો. શાળામાં બાળ સાંસદ ચૂંટણી વોટિંગ મશીન એપ દ્વારા બેલેટ યુનિટ અને કંટ્રોલ યુનિટ દ્વારા યોજવામાં આવી હતી. મતદાન અધિકારી તરીકે શાળાના વિદ્યાર્થી તીર્થ, રુદ્ર, સતીશ અને મહિલા મતદાન અધિકારી તરીકે વિધિ દ્વારા સુંદર કામગીરી કરવામાં આવી હતી. પોલીસ અધિકારી તરીકે જયદીપ અને પ્રિતેશ દ્વારા કામગીરી કરવામાં આવી. ચૂંટણીની શરૂઆત તમામ ઉમેદવારોની હાજરીમાં મોકપોલ કરી પછી કરવામાં આવી હતી. શાળાના ધોરણ એકથી આઠના હાજર તમામ વિદ્યાર્થીઓએ મતદાન કર્યું હતું. મતદાન શાંતપૂર્ણ માહોલમાં પૂર્ણ થયું હતું. મત ગણતરી કરતાં છ ઉમેદવારોમાંથી સૌથી વધુ મત મેળવી અનિરુદ્ધ લબાના મહામંત્રી તરીકે પસંદગી પામેલ. કારઠ બાળ સાંસદ ચૂંટણીનું સમગ્ર આયોજન શાળાના સામાજિક વિજ્ઞાન શિક્ષક શ્રી ઈશ્વરસિંહ બારીઆ દ્વારા કરવામાં આવ્યું હતું. બાળ સાંસદ ચૂંટણીમાં શાળાના સમગ્ર સ્ટાફ અને શાળામાં ઈન્ટર્નશીપ માં આવેલ બી.એડ. તાલીમાર્થીઓ દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો. મતદાન શાંતપૂર્ણ માહોલમાં પૂર્ણ થયું હતું. મત ગણતરી કરતાં છ ઉમેદવારોમાંથી સૌથી વધુ મત મેળવી અનિરુદ્ધ લબાના મહામંત્રી તરીકે પસંદગી પામેલ. કારઠ બાળ સાંસદ ચૂંટણીનું સમગ્ર આયોજન શાળાના સામાજિક વિજ્ઞાન શિક્ષક શ્રી ઈશ્વરસિંહ બારીઆ દ્વારા કરવામાં આવ્યું હતું. બાળ સાંસદ ચૂંટણીમાં શાળાના સમગ્ર સ્ટાફ અને શાળામાં ઈન્ટર્નશીપ માં આવેલ બી.એડ. તાલીમાર્થીઓ દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો.

# ઝાલોદ નગર ગામડી ચોકડી રોડ પર પાકો રોડ જમીનમાં પેસી ગયો : અકસ્માતનો ભય



। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૯ ।

ઝાલોદ નગરમાં ગામડી ચોકડી પાસે બેંક ઓફ બરોડા તેમજ પોસ્ટ ઓફિસ આવેલ હોવાથી આ રોડ સતત ટ્રાફિક થી ધમ ધમતો રહે છે. ગામડી ચોકડી થી આગળ જતાં વિશ્વકર્મા સોસાયટીની સામે આવેલ પાકો ડામર વાળો રોડ ભારી વાહનના અવરજવરને લઈ જમીનમાં પેસી ગયો છે. આ રોડની આજુબાજુ સોસાયટીઓ આવેલ છે જેથી નગરમાં આવવા જવા માટે નગરના લોકો તેમજ ગ્રામીણ વિસ્તારમાંથી આવતા લોકો અહીં સતત અવરજવર કરતા જોવા મળે છે. આ વિસ્તારમાંથી મોટા ભારી વાહનની પણ સતત અવરજવર થતી હોય છે. હાલ ચોમાસાની ઋતુને લઈ વિશ્વકર્મા સોસાયટીની સામે આવેલ પાકો ડામર વાળો રોડ જમીનમાં પેસી ગયેલ છે. અવરજવર કરતા મુસાફરો દ્વારા સાંભળવા મુજબ એક ભારી વાહન અહીંથી નીકળતું હતું તે દરમ્યાન રોડ જમીનમાં પેસી ગયો હતો પરંતુ સદનસીબે વાહનચાલક કે કોઈને પણ કોઈ જાનહાનિ થઈ ન હતી.

આ પાકો ડામર વાળો રોડ જમીનમાં પેસી જતાં આવતા અજાણતામાં કોઈ વાહન ચાલક દ્વારા મોટો અકસ્માત સર્જાવાનો ભય સેવાઈ રહ્યો છે. અહીંયા રોડની આજુબાજુ દુકાન તેમજ રહેવાસી વિસ્તારની વિશ્વકર્મા સોસાયટીનો પ્રવેશદ્વાર આવેલ છે જેથી અહીંયાં થી અવરજવર વધુ થતી હોય છે જેથી તાત્કાલિક જવાબદાર તંત્ર આ પાકો પેસી ગયેલ રોડ અંગે કામગીરી કરે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# સુરત જિલ્લાનો અસ્તાન કન્યા વિદ્યાલય બારડોલી ખાતે યોજાયેલ પ્રાથમિક શિક્ષકોનો એકતરફી જિલ્લા ફેરબદલી કેમ્પ સંપન્ન

। બારડોલી, તા.૨૯ ।

બારડોલીની અસ્તાન કન્યા વિદ્યાલય ખાતે રાજ્યનાં અન્ય જિલ્લામાંથી સુરત જિલ્લામાં આવનાર ધોરણ ૧ થી ૫ તેમજ ધોરણ ૬ થી ૮ નાં શિક્ષકોનો એકતરફી બદલી કેમ્પ અનુક્રમે તારીખ ૨૬ અને ૨૭ જુલાઈનાં રોજ યોજવામાં આવ્યો હતો. જિલ્લા પંચાયતનાં પ્રમુખ ભાવેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિનાં અધ્યક્ષ ભાવિનીબેન પટેલ, જિલ્લા પંચાયત બાંધકામ સમિતિનાં અધ્યક્ષ રોહિતભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી બી.કે.વસાવા, સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ.દિપકભાઈ દરજી તથા નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વી.એ.વસાવાની ઉપસ્થિતિમાં યોજાયેલ આ કેમ્પ માં સ્મિતાબેન દેસાઈ, હર્ષદભાઈ ચૌધરી, દરેક તાલુકાનાં પ્રાથમિક શિક્ષણાધિકારીઓ, સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં સિનિયર કાર્યવાહક પ્રમુખ બળવંતભાઈ પટેલ, મહામંત્રી અરવિંદભાઈ ચૌધરી, દરેક તાલુકા ઘટક સંઘનાં પ્રમુખ, મહામંત્રીઓ ઉપ સ્થિત રહ્યાં હતાં. પ્રારંભે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ.દિપ કભાઈ દરજીએ પોતાનાં પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે આ સમગ્ર કેમ્પ બિલકુલ પારદર્શક રીતે યોજાઈ રહ્યો છે. આમ છતાં શિક્ષક ભાઈ-બહેનોને કોઈપણ મૂંઝવતો પ્રશ્ન હોય તો તેનો રૂબરૂમાં ઉકેલ લાવવા તેમણે જાહેર કર્યું હતું.

# સરકારી વિનયન કોલેજ તિલકવાડા એનએસએસ અભિમુખતા કાર્યક્રમ યોજાયો



। સાવરકુંડલા, તા.૨૯ ।

સરકારી વિનયન કોલેજ તિલકવાડા જિલ્લો નર્મદા ખાતે તારીખ ૨૮/૭/૨૦૨૩ ના રોજ એનએસએસ અભિમુખતા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સરકારી વિનયન કોલેજ તિલકવાડાને આ વર્ષે નવું યુનિટ પ્રાપ્ત થયેલું હોવાથી કોલેજ માટે આ પ્રથમ એન.એસ .એસ અભિમુખતા કાર્યક્રમ હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે આર. એમ. કોમર્સ કોલેજ, રાજપીપળાના એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. હિતેશ ગાંધી પધાર્યા હતા. કોલેજના આચાર્ય ડૉ. મહેશભાઈ એમ. ડામોરે મુખ્ય અતિથિ નું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કર્યું હતું. કોલેજના આચાર્ય ડૉ. મહેશભાઈ એમ. ડામોર સાહેબે વિદ્યાર્થીઓ સમક્ષ એનએસએસ કાર્યક્રમની ભૂમિકા મૂકી આપી હતી તેમજ એનએસએસ કાર્યક્રમમાં સેવાકીય પ્રવૃત્તિઓ અંગે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી તેઓ પોતે પણ વિદ્યાર્થી અવસ્થામાં અને કોલેજમાં અધ્યાપક હતા ત્યારે એનએસએસ પ્રોગ્રામ ઓફિસર તરીકે પણ રહ્યા હતા તે સ્મરણ કર્યું હતું. મુખ્ય અતિથિ તરીકે પધારેલા ડૉ. હિતેશ ગાંધીએ વિદ્યાર્થીઓને એનએસએસની સ્થાપ ના અંગે, એનએસએસની કામગીરી અંગે માર્ગદર્શન આપ્યું હતું.

# જસદણના સુન્ની મુસ્લિમ બિરાદરોએ તાજીયા પર્વ જીજાનથી ઉજવ્યું



। હુસામુદ્દીન કપાસી જસદણ, તા.૨૯ ।

જસદણમાં સુન્ની મુસ્લિમ બિરાદરોએ તાજીયા પર્વની શાનદાર રીતે ઊજવણી કરી હતી છેલ્લાં દસ દિવસથી હઝરત ઈમામ હુસૈન અલય્હિસ્સલામ ની યાદમાં સબીલ અને લોકભલાઈના કાર્યો મુસ્લિમ બિરાદરો કરી રહ્યા હતાં આજે દસમા દિવસે તાજીયા પડમાં આવતાં હઝરત ઈમામ હુસૈન અલય્હિસ્સલામ અને કરબલામાં શહિદ થયેલાં બોત્તેર શોહદાની યાદ દિવસભર મનાવી હતી.

# કાંકરેજ ધારાસભ્યને આચાર્ય- શિક્ષક - વહિવટી કર્મચારીઓના પડતર પ્રશ્નો વિશે વિસ્તૃત સમજ આપી “આવેદનપત્ર”આપ્યું

। યશપાલસિંહ ટી. વાઘેલા થરા, તા.૨૯ ।

“કાંકરેજ તાલુકા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ” દ્વારા આચાર્ય-શિક્ષક - વહિવટી કર્મચારીઓની “નિયમિત ભરતી” કરવા અને વિધાનસભાની ચૂંટણી પહેલાં “સમાધાન” થયેલને પડતર પ્રશ્નોના પ રીપત્રો કરવા આજ રોજ તા.૨૯/૭/૨૩ને શનિવારના રોજ કાંકરેજ ધારાસભ્યશ્રી અમરતજી ઠાકોરને પડતર પ્રશ્નો વિશે વિસ્તૃ ત સમજ આપી “આવેદનપત્ર” આપવામાં આવ્યું અને સરકારશ્રીમાં રજૂઆત કરવા વિનંતી કરવામાં આવી.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે આજે તમને ઘેરી વળનાર લાગણીશીલ મૂડમાંથી તમારે બહાર આવવાની ઈચ્છા ધરાવતા હો તો તમારે ભૂતકાળને ભૂલવો પડશે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? તમારો ભાગીદાર સહકાર પૂર્ણ તથા મદદરૂપ હશે. આજે તમે અનુભવશો કે તમારા જીવનસાથી તરફથી તમને ધ્યાન અપાઈ રહ્યું નથી.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. તમે સામજિક કાર્યક્રમ તથા મેળાવડાઓમાં સહભાગી થશો તો તમે તમારા મિત્રો તથા પરિચિતોની સંખ્યા વધારી શકશો.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે આજે ટૅન્શનમુક્ત અને શાંત રહો. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. પૈસા, પ્રેમ, પરિવાર થી દૂર, આજે તમે આનંદ ની શોધ માં કોઈ આધ્યાત્મિક ગુરુ ને મળવા જઈ શકો છો. આજ પહેલા લગ્નજીવન આટલું અદભુત ક્યારેય નહોતું.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. તમને ખુશ કરે એવી બાબતો કરો, પણ અન્યોના કાર્યવ્યાપથી દૂર રહેવાનો પ્રયાસ કરજો. દરેક વસ્તુ પર પ્રેમ બતાવવો તે યોગ્ય નથી, આના થી તમારા સંબંધો સુધારવા ને બદલે બગડી શકે છે. આજે પરિવાર સાથે ખરીદી પર જવું શક્ય છે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે કોઈ ઝઘડાળુ વ્યક્તિ સાથેના વાદવિવાદને કારણે તમારો મૂડ બગડી જશે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે. તમારે તમની સલાહ પર ધ્યાન આપવાની જરૂર છે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે ખાસ કરીને હૃદયરોગના દરદીઓએ કૉફી છોડી દેવી. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો. જોકે પરિસ્થિતિઓ જલ્દી સુધરી જશે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. પ્રેમ એ તમારા પ્રિયપ ાત્ર સાથે અનુભવવાની તથા શૅર કરવાની લાગણી છે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારો ગુસ્સો રાઈમાંથી પર્વત સર્જી શકે છે-જે તમારા પરિવારના સભ્યોને નારાજ કરશે. એ મહાન આત્માઓ ખરેખર નસીબદાર છે જેમની બુદ્ધિ ગુસ્સાને અંકુશ હેઠળ રાખે છે. ગુસ્સો તમને બાળે તે પહેલા તેને બાળો. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. તમારા માતા-પિતા સાથે તમારી ખુશી વહેંચો.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. તમને કોઈક સારા સમચાર મળશે જે તમને જ નહીં પણ તમારા પરિવારના સભ્યોને પણ ખુશખુશાલ કરી મુકશે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. પ રિસ્થિતિ અંકુશમાં રાખવા માટે તમારા ભાઈને મદદ કરો.વિવાદને કારણ વગર વધારશો નહીં એના કરતાં શાંતિપૂર્વક તેને ઉકેલવાનો પ્રયાસ કરજો.



**મકર (ખ,જ) :**

આજના દિવસે ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. કોઈક ઐતિહાસિક સ્મારકે જવાની નાનકડી પિકનિકનું આયોજન કરો.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તબિયત પર ધ્યાન આપવું પડશે. ધનની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. તમારા પરિવાર માટે કોઈક સારા તથા અર્થપૂર્ણ કાર્યમાં જોખમ લો. ગભરાતા નહીં કેમ કે વેડફાયેલી તક કદાચ પાછી ન પણ આવે. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે. તે સારો દિવસ છે, આજે તમારી પ્રેમિકા તમારી કોઈ વાત પર દિલ ખોલી ને હસશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. નિકટના સંબંધી અથવા મિત્ર તરફથી સારા સમાચારથી દિવસ શરૂ થશે. તમારા પ્રેમ પ્રકરણ વિશે જાહેરમાં ઢંઢેરો પીટતા નહીં. તમે ખાલી સમય માં મૂવી જોઈ શકો છો, તમને આ ફિલ્મ ગમશે નહીં અને તમને લાગશે કે તમે તમારો કિંમતી સમય નો બગાડ કર્યો છે. આ સપ્તાહ માં, તમે ઘણું બધું કરવા માંગો છો, પરંતુ જો તમે કામ કરવા નું ટાળતા જશો.

### ડેવિડ ગ્રુશનો સનસનાટી મચાવતો દાવો

## એલિયનના શરીર અને યુએફઓ અમેરિકાના કબજામાં હોવાનો દાવો

। વોશિંગ્ટન, તા.૨૯ ।

અમેરિકાના પૂર્વ ગુપ્તચર અધિકારી ડેવિડ ગ્રુશે સનસનાટી મચાવતો દાવો કર્યો છે કે સરકારના કબજામાં અનેક યુએફઓ (ઉડી શકે તેવી વસ્તુઓ જેની ઓળખ થઈ શકી નથી) અને બિનમાનવીના શરીર છે. આ બિનમાનવીના શરીરને એલિયન તરીકે ઓળખવામાં આવી રહ્યા છે. ગ્રૂશે વોશિંગ્ટનમાં હાઉસ ઓવરસાઈટ કમિટી સમક્ષ આ નિવેદન આપ્યું હતું. જૂનમાં ગ્રૂશે દાવો કર્યો હતો કે અમેરિકી સરકાર બીજી દુનિયાથી આવતા અંતરિક્ષ યાનને શરણ આપી રહી છે. ઓવરસાઈટ કમિટીની સુનાવણી દરમિયાન ગ્રૂશને સવાલ કરાયો હતો કે શું અમેરિકી સરકાર પાસે દુર્ઘટનાગ્રસ્ત યુએફઓઅને તેના પાઈલટ છે? તેના પર ગ્રૂશે જવાબ આપ્યો કે હાં, સરકાર પાસે બિન માનવીના શરીર અને બીજી દુનિયાથી આવેલા એરક્રાફ્ટ છે.

ડેવિડ ગ્રૂશે ૨૦૨૩ સુધી અમેરિકી સંરક્ષણ વિભાગની એજન્સીમાં કામ કર્યુ છે. જૂનમાં તેમણે આરોપ મૂક્યો હતો કે સરકાર અમેરિકી કોંગ્રેસથી બીજી દુનિયાથી આવેલા લોકોના પુરાવા સંતાડી રહી હતી. તેમના આરોપો પર વિદ છતાં રિપબ્લિકનના નેતૃત્વ હેઠળની નિરીક્ષણ સમિતિએ તેમના દાવાઓની તપાસ શરૂ કરી હતી. `જોકે ગ્રૂશનું કહેવું છે કે મેં મારી નજરે તો કોઈ એલિયનના શરીર કે યુએફઓજોયા નથી પણ ટોચના અધિકારીઓ સાથે કરેલી વાતચીતના આધારે અમને આ માહિતી મળી છે.

### હની ટ્રેપમાં ફસાયેલા DRDO સાઇન્ટિસ્ટની કરતૂત

## પાક. મહિલા જાસૂસને બ્રહ્મોસનો રિપોર્ટ બતાવવાનો કર્યો હતો વાયદો



। પૂણે, તા.૨૯ ।

પાકિસ્તાનની મહિલા જાસૂસની જાળમાં ફસાયેલા ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનના એક વૈજ્ઞાનિકે તેને દેશના ખતરનાક બ્રહ્મોસ મિસાઈલ પ્રોજેક્ટ પર ગુપ્તચર રિપોર્ટ બતાવવાનું વચન આપ્યું હતું. આ જાસૂસી કેસ પર મહારાષ્ટ્ર ATSની તપાસમાં સામે આવ્યું છે કે, વૈજ્ઞાનિક પ્રદીપ કુરુલકરે મહિલા સાથે વોટ્સએપ ચેટ કરી હતી. જેમા તેણે કહ્યું હતું કે, તે બ્રહ્મોસ મિસાઈલની ખૂબ જ ગુપ્ત માહિતી પાકિસ્તાની મહિલા જાસૂસને જણાવશે. આ પાકિસ્તાની મહિલા જાસૂસે વિજ્ઞાની પ્રદીપ કુરુલકર સાથેની ખાનગી મુલાકાત દરમિયાન પોતાની ઓળખ ઝરા દાસગુપ્તા તરીકે આપી હતી. આ અંગે અનેક ચોંકાવનારા ખુલાસા થઈ શકે છે. શંકાસ્પદ હની ટ્રેપ કેસમાં ડીઆરડીઓના રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (એન્જિનિયર્સ) અથવા (ડીઆરડીઓ આરએન્ડડી-ઈ) લેબોરેટરીના વડા કુરુલકર, ૩ મેના રોજ એટીએસ દ્વારા જાસૂસ મહિલા સાથે સંબંધ રાખવા માટે ઓફિશિયલ સિક્રેટ એક્ટ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જે અંગેની (ઓફિશિયલ સિક્રેટ એક્ટ-ઓએસએ) ની કલમો હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. ATS અનુસાર, પાકિસ્તાની મહિલા જાસૂસ પણ હવે આ કેસમાં વોન્ટેડ આરોપી છે. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, મહિલા જાસૂસે કુરુલકરનો વોટ્સએપ પર સંપર્ક કર્યો હતો. તેણે જણાવ્યું કે, તે યુકેમાં સોફ્ટવેર એન્જિનિયર છે. મહિલાએ તેને અનેક અશ્લીલ મેસેજ મોકલીને, વોઈસ અને વીડિયો કોલ કરીને લાલચાવ્યો હતો. કુરુલકરે તેની સાથે ૧૦ જૂન, ૨૦૨૨થી ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૩ વચ્ચે ઘણી વાતચીત કરી હોવાનું તપાસમાં સામે આવ્યુ છે. ATSનો આરોપ છે કે, ઝારા ભારતમાં ડીઆરડીઓ અને અનેક સંરક્ષણ પ્રોજેક્ટ્સ વિશે કુરુલકર પાસેથી ગુપ્ત માહિતી મેળવવા માંગતી હતી.



સવાઈ માધોપુર ખાતે રંથમબોરે નેશનલ પાર્ક ખાતે એક ટાઈગર પાણી પીતો નજરે પડ્યો હતો...

## સાત વર્ષની બાળકીએ માસુમને કૂવામાં ફેંકી દીધો

। નિવી દિલ્હી, તા.૨૯ ।

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોએ બધાને ચોંકાવી દીધા છે. વાયરલ વીડિયોમાં ૭ વર્ષની છોકરીએ ૪ વર્ષના છોકરાને કૂવામાં ફેંકી દીધો હતો. આ ઘટના દક્ષિણ ચીનના યુન્નાન પ્રાંતની સોંગમિંગ કાઉન્ટીમાંથી જણાવવામાં આવી રહી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે છોકરીએ ટીવી શોમાં જે કરતા જોયું તેની નકલ કરીને આ કર્યું હતું. બેઈજિંગ ન્યૂઝના અહેવાલ મુજબ, પોલીસે જણાવ્યું કે બાળકને ૧૦ મિનિટમાં બચાવી લેવામાં આવ્યો હતો. કહેવામાં આવી રહ્યું છે કે બાળકે બચાવ માટે બૂમો પાડી હતી. સાથે જ કૂવામાં ૨ મીટર સુધી પાણી ભરાઈ ગયું હતું. સીસીટીવી વીડિયો સામે આવ્યા બાદ જાણવા મળ્યું છે કે આ ઘટના ૮ માર્ચે બની હતી. છોકરો અને છોકરી કૂવા પાસે રમતા હતા. ત્યારે અચાનક છોકરી છોકરાને ઉપાડે છે અને કૂવામાં ફેંકી દે છે. છોકરી થોડો સમય કૂવા પાસે ભટકતી રહી છે. ત્યારબાદ બાળકની દાદી તેને શોધતા કૂવા પાસે પહોંચી હતી. જ્યારે મહિલાએ કૂવામાંથી બાળકની બૂમનો અવાજ સાંભળ્યો તો તેણે લોકોને મદદ માટે અપીલ કરી હતી.

## યુએસ ફેડરલના વ્યાજ દરમાં ૨૨ વર્ષનો સૌથી ઊંચો વધારો

। વોશિંગ્ટન, તા.૨૮ ।

અમેરિકી ફેડરલ રિઝર્વ (યુએસ ફેડરલ રિઝર્વ) ની બેઠકમાં ફરી એકવાર મોટો નિર્ણય લેવામાં આવતા વ્યાજદરોમાં વધારો કરાયો છે. જેની સાથે જ તે ૨૨ વર્ષના ઓલટાઈમ હાઈ લેવલ પર પહોંચી ગયા છે. એફઓએમસીની બેઠકમાં બેન્ચમાર્ક લેન્ડિંગ રેટમાં ૨૫ બેઝિસ પોઈન્ટનો વધારો કરાયો છે અને તે હવે ૫.૨૫-૫.૫૦ની રેન્જમાં આવી ગયો છે. અગાઉ ૨૦૦૧માં ફેડના વ્યાજદર આ લેવલની નજીક આવ્યા હતા અને ૨૦૦૧ બાદથી તે હવે આ ઓલટાઈમ હાઈના લેવલ પર છે. અમેરિકી ફેડરલ રિઝર્વે દેશમાં વધતી મોંઘવારીનો સામનો કરવાનો નિર્ણય કર્યો છે.

# બુલઢાણામાં બે બસ સામ સામે ભટકાતા ૬ લોકોનાં કરુણ મોત

### મલકાપુર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું કે, એક બસમાં સવાર લોકો અમરનાથ યાત્રા કરીને પરત ફરી રહી હતી

। નવી દિલ્હી, તા.૨૯ ।

મહારાષ્ટ્રના બુલઢાણામાં ફરી એકવાર ગોઝારો અકસ્માત સર્જાયો છે. જિલ્લામાં શનિવારે એક ભયંકર અકસ્માત સર્જાતા છ લોકોનાં કરુણ મોત નીપજ્યા હતા. સામ સામે આવી રહેલી બે લક્ઝરી બસ અથડાતા આગળના ભાગનો ખુડદો બોલી ગયો હતો. આ દુર્ઘટનામાં લગભગ ૨૦ જેટલાં મુસાફરો ઘાયલ થયા છે. ત્યારે આ ઘટનામાં મૃત્યુઆંક વધે એવી પણ શક્યતા છે. તો ઘાયલોમાં પાંચ લોકોની હાલત ગંભીર હોવાનું કહેવામાં આવી રહ્યું છે. કહેવામાં આવી રહ્યું છે કે, આ અકસ્માત જિલ્લાના મલકાપુર શહેરની પાસે નેશનલ હાઈવે નંબર છ પાસે થયો છે. મલકાપુર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું કે, એક બસમાં સવાર લોકો અમરનાથ યાત્રા કરીને પરત ફરી રહી હતી. જ્યારે બીજી બસ નાગપુરથી નાસિક જઈ રહી હતી. ત્રણ વાગે આ ઘટના બની હતી. ઘટનાની જાણ થતા આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા. બાદમાં બનાવની જાણ પોલીસ અને એમ્બ્યુલન્સને કરવામાં આવી હતી. જાણ થતાં જ પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



આ અકસ્માત બાદ સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. પોલીસે અને સ્થાનિકોએ ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જો કે, આ અકસ્માતમાં છ લોકોનાં ઘટના સ્થળે જ મોત થઈ ચૂક્યા હતા. ઘટના બાદ રસ્તા પર ઠેર ઠેર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. તો ૨૦ જેટલાં લોકો આ અકસ્માતમાં ઘાયલ થયા છે અને કહેવામાં આવી રહ્યું છે કે, પાંચ લોકોની હાલત ગંભીર છે. ત્યારે એવું પણ અનુમાન છે કે, આ મૃત્યુઆંક વધી પણ શકે છે. અકસ્માત શેના કારણે સર્જાયો એનું કોઈ કારણ હજુ સુધી સામે આવ્યું નથી. આ દરમિયાન ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડાના દાદરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પણ એક જોરદાર અકસ્માત સર્જાયો છે. જેમાં એક શખસનું નોત નીપજ્યું છે અને ત્રણેક જેટલાં લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. પોલીસના જણાવ્યા મુજબ, નેશનલ હાઈવે નંબર ૯૧ પર આ ઘટના બની હતી. જે વખતે આ દુર્ઘટના સર્જાઈ એ સમયે હાઈવે પર ખૂબ જ અંધારુ હતું. આ ઘટના બાદ પોલીસે ઘાયલોને હોસ્પિટલમાં ખસેડ્યા હતા. મહત્વનું છે કે, અગાઉ પણ બુલઢાણામાં અકસમાત સર્જાયો હતો અને એ સમયે ૨૦થી વધુ લોકોનાં મોત નીપજ્યા હતા. આ લોકો દાઝીને મોતને ભેટ્યા હતા. ત્યારે વધુ એક અકસ્માતમાં છ લોકોનાં કરુણ મોત નીપજ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ, નેશનલ હાઈવે નંબર ૯૧ પર આ ઘટના બની હતી. જે વખતે આ દુર્ઘટના સર્જાઈ એ સમયે હાઈવે પર ખૂબ જ અંધારુ હતું. આ ઘટના બાદ પોલીસે ઘાયલોને હોસ્પિટલમાં ખસેડ્યા હતા. મહત્વનું છે કે, અગાઉ પણ બુલઢાણામાં અક્સમાત સર્જાયો હતો અને એ સમયે ૨૦થી વધુ લોકોનાં મોત નીપજ્યા હતા. આ લોકો દાઝીને મોતને ભેટ્યા હતા. ત્યારે વધુ એક અકસ્માતમાં છ લોકોનાં કરુણ મોત નીપજ્યા છે.

## વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યો ૬૦૦ મિલિયન વર્ષ જૂનો મહાસાગર

। નવી દિલ્હી, તા.૨૯ ।

ભારતીય વિજ્ઞાન સંસ્થાન બેંગલુરુ અને જાપાનની નિગાતા યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ હિમાલયમાં એક પ્રાચીન મહાસાગરના અવશેષો શોધી કાઢ્યા છે. સંશોધકોએ તેમનો અભ્યાસ પશ્ચિમ કુમાઉ હિમાલયના મોટા ભાગ પર કર્યો હતો. તેમણે અમૃતપુરથી મિલમ ગ્લેશિયર અને દેહરાદૂનથી ગંગોત્રી ગ્લેશિયર વિસ્તાર સુધી સંશોધન કર્યું હતું. વૈજ્ઞાનિકોએ હિમાલયમાં ખનિજ ભંડારમાં ફસાયેલા પાણીના ટીપાં શોધી કાઢ્યા છે જે લગભગ ૬૦૦ મિલિયન વર્ષો પહેલા અસ્તિત્વમાં આવેલા પ્રાચીન મહાસાગરમાંથી પાછળ રહી ગયા હોઈ શકે છે. વૈજ્ઞાનિકો માને છે કે, હિમાલયના ૬૦૦-મિલિયન વર્ષ જૂના દરિયાઈ પાણીએ પૃથ્વીના ઈતિહાસની શરૂઆતમાં મહાસાગરો અને જીવનનો વિકાસ શરૂ કર્યો હશે. વૈજ્ઞાનિકો માને છે કે, ૭૦૦ થી ૫૦૦ મિલિયન વર્ષો પહેલા, બરફની જાડી ચાદર લાંબા સમય સુધી પૃથ્વીને આવરી લેતી હતી, જેને સ્નોબોલ અર્થ હિમનદી (પૃથ્વીના ઈતિહાસની મુખ્ય હિમનદી ઘટનાઓમાંની એક) તરીકે ઓળખવામાં આવે છે. આને પગલે પૃથ્વીના વાતાવરણમાં ઓક્સિજનની માત્રામાં વધારો થયો હતો, જેને બીજી સૌથી મોટી ઓક્સિજનની ઘટના કહેવામાં આવે છે, અને તેના કારણે જટિલ જીવન સ્વરૂપોનો વિકાસ થયો. જેને સ્નોબોલ અર્થ હિમનદી (પૃથ્વીના ઈતિહાસની મુખ્ય હિમનદી ઘટનાઓમાંની એક) તરીકે ઓળખવામાં આવે છે. આને પગલે પૃથ્વીના વાતાવરણમાં ઓક્સિજનની માત્રામાં વધારો થયો હતો.

## લગ્નનું માગુ ફગાવનારી માસિયાઈ બહેનની યુવકે કરી હત્યા

। નવી દિલ્હી, તા.૨૯ ।

દિલ્હી દેશની રાજધાની તો છે જ, સાથે ક્રાઈમની પણ રાજધાની છે એમ કહી શકાય. અહીં આડે દિવસે હત્યા, લૂંટ, ચોરી તેમજ મહિલા પરના અત્યારચારના કેસ બનતા રહે છે. હાલમાં માલવિયા નગર વિસ્તારમાં પ્રેમમાં પાગલ બનેલા માસિયાઈ ભાઈનું લગ્નનું માગુ ફગાવનારી ૨૩ વર્ષીય યુવતીને માથાના ભાગમાં લોખંડના સળીયના ફટકા મારી હત્યા કરી દેવામાં આવી હતી. આ ઘટના દક્ષિણ દિલ્હીમાં શુક્રવારે બની હતી. પોલીસે તરત જ આરોપીની ધરપકડ કરી હતી. પીડિતાની ઓળખ નરગિસ તરીકે થઈ હતી, જ્યારે તે ૨૮ વર્ષીય ઈરફાન સાથે દિલ્હી યુનિવર્સિટીની શ્રી અરબિંદો કોલેજ પાસેના પાર્કમાં હતી ત્યારે તેના પર હુમલો કર્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, મૃતક અને આરોપી સગા માસિયાઈ ભાઈ-બહેન હતા.

તેમની મમ્મીઓ બહેનો છે. આરોપી મૃતક સાથે વાત કરવાની તક ઝડપી લેવા માટે છેલ્લા ત્રણ-ચાર દિવસથી કથિત રીતે તેનો પીછો કરી રહ્યો હતો, તેમ પોલીસે ઉમેર્યું હતું. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આ ઘટના બાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની ટીકા કરી હતી અને કેન્દ્રીય ગૃહ મંત્રી તેમજ ઉપરાજ્યપાલને કડક પહલા લેવાની વિનંતી કરી હતી. ‘દિલ્હીમાં વધુ એક દીકરીની નિર્દયતાથી હત્યા કરવામાં આવી, આ દુઃખદ વાત છે. દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થા ગંભીર મુદ્દો બની ગયું છે.

## વિશેષ

### આજકાલ સંબંધો ખૂબ જ નાજુક થઈ રહ્યા છે.

# સુથારે જવાબ આપ્યો, “હું જરૂર રોકાઈ જાત પણ મારે હજી ઘણા પુલ બનાવવાના છે.”

### સંબંધોને તોડવા ખૂબ જ સહેલા છે, પણ તેને પાછા જોડવા ઘણા મુશ્કેલ છે.



**હનિફ એ. મેમણ (રાજ) ડીસા,**

આજકાલ સંબંધો ખૂબ જ નાજુક થઈ રહ્યા છે. અને કેટલાક લોકો સંબંધોમાં એકતા વધારવાના બદલે ઊંડી ખાઈ ખોદતા હોય છે. આવા લોકોના કારણે બે વ્યક્તિઓ વચ્ચે સંબંધોમાં ખૂબ જ મોટી તીરાડ પડી જાય છે. દુનિયામાં સંબંધોનો સેતુ રચનારા મળી જાય તો સંબંધો ખૂબ જ મજબુત થાય છે. આ વાત સમજવા એક દ્રષ્ટાંત જોઈએ.

બે ભાઈઓ હતા. પારસભાઈ અને પ્રતીકભાઈ. બન્ને બાજુ બાજુના ખેતરોમાં રહેતા હતા. છેલ્લા ૪૦ વર્ષોથી સાથે ખેતી કરતા, એક બીજાના સાધનો અને ઓજારો વાપરતા, પોતાના સામાન અને મજૂરોની પણ આપ લે અચકાયા વગર કરતા.

એકબીજા સાથે આટલું સંપીને રહેતા હતા. છતાં પણ એક દિવસ એક નાની ગેરસમજને કારણે બન્ને વચ્ચે ઝઘડો થયો. અને તે ઝઘડાએ એક મોટું સ્વરૂપ લીધું. અંતમાં બન્નેએ એકબીજાને ના કહેવાના શબ્દો કહ્યા. તેના કારણે ઘણા અઠવાડિયા સુધી બન્ને વચ્ચે બોલવાનો પણ સંબંધ ન રહ્યો.

એક દિવસ સવારે કોઈએ પારસભાઈનો દરવાજો ખટખટાવ્યો. પારસભાઈએ દરવાજો ખોલ્યો. તેણે એક સુથારને પોતાના ઓજારો સાથે ઊભેલો જોયો. “મારે થોડા દિવસ માટે કામની જરૂરત છે. તમારી પાસે મારા લાયક કોઈ કામ છે? શું હું તમારી મદદ કરી શકું છું?” સુથારે કહ્યું.

“હા,” પારસભાઈએ કહ્યું. “મારી પાસે તારા માટે કામ છે. ખેતરના છેડે આવેલા પાણીના નાળાની પેલી બાજુ જો. તે મારો પડોશી છે. હકીકતમાં તે મારો નાનો ભાઈ છે. ગયા અઠવાડિયે ત્યાં એક ઘાસનો મોટો કયારો હતો. બે દિવસ પહેલાં જ તેણે બુલડોઝરની મદદથી બે ખેતરની વચ્ચે તે નાળુ ખોદ્યું છે. તેણે જાણી જોઈને મને હેરાન કરવા માટે આમ કર્યું છે, પણ હું તેનાથી બે ડગલા આગળ છું. ત્યાં કોઠારમાં રાખેલા લાકડાનો ઢગલો દેખાય છે? તો મારી ઈચ્છા છે કે કે તું એક આઠ ફૂટની વાડ બનાવ. જેથી મારે તેનું ખેતર કે તેનું મોઢું જોવું ન પડે.”

સુથારે કહ્યું, “હું તમારી પરિસ્થિતિ સમજી ગયો છું. મને ખીલા અને બીજા ઓજારો બતાવી દો અને હું તમારા કહ્યા મુજબ વાડ બાંધી આપીશ.”

પારસભાઈને શહેરમાં જવાનું હતું. તેથી સુથારને બધો સામાન આપીને તેઓ શહેરમાં જવા રવાના થયા.

સુથારે માપ લીધું. કરવતથી લાકડા કાપ્યા અને ખીલા માર્યા. તેણે કામ પૂરું કરવા આખો દિવસ સખત મહેનત કરી. સંધ્યા સમયે જ્યારે ઋપારસભાઈ પાછા આવ્યા ત્યારે જ સુથારનું કામ પૂરું થયું. પારસભાઈ સુથારનું કામ જોઈને સ્તબ્ધ થઈ ગયા. તેના પગ જમીનમાં જકડાઈ ગયા. ત્યાં વાડને બદલે પુલ હતો. એવો પુલ જે નાળાની એક બાજુથી બીજી બાજુ જતો હતો. સાથે આ સુંદર પુલની ઉપર એક બાજુથી બીજી બાજુ પકડીને ચાલવા માટે રેલીંગ પણ હતી અને તેનો પડોશી જે તેનો નાનો ભાઈ પ્રતીક હતો. તે પોતાના બન્ને હાથ ફેલાવીને તેની તરફ આવતો હતો.

તેણે કહ્યું, “મોટાભાઈ, તમે કેટલા સમજુ છો. મેં તમને આટલા બધા અપશબ્દો કહ્યા છતાં પણ તમે તેની અવગણના કરી અને પુલ બનાવ્યો.”

બન્ને ભાઈઓ પુલના બન્ને છેડે ઊભા હતા. તેઓ બન્ને પુલની વચ્ચે આવીને મળ્યા. બન્નેએ એકબીજાનો હાથ પકડી લીધો. ત્યારે તેમની નજર સુથાર પર પડી જે પોતાના ઓજારોની પેટી ખભા પર ઊંચકીને જઈ રહ્યો હતો. પારસભાઈએ તેને બૂમ પાડી. “ઊભો રહે, તું થોડા દિવસ માટે રોકાઈ જા. મારી પાસે તારા માટે હજી બીજું પણ કામ છે.”

સુથારે જવાબ આપ્યો, “હું જરૂર રોકાઈ જાત પણ મારે હજી ઘણા પુલ બનાવવાના છે.”

સંબંધોને તોડવા ખૂબ જ સહેલા છે, પણ તેને પાછા જોડવા ઘણા મુશ્કેલ છે. જીવનમાં પ્રાપ્ત થયેલા પ્રેમને સંભાળીને રાખવો જોઈએ. સંબંધોમાં ઉતાર ચઢાવ તો ઘણા આવશે, પણ આ અણમોલ સંબંધોને સાચવવા માટે થોડું બલિદાન આપવું પડશે. અહમ અને નફરત આપણને આંધળા બનાવી દે છે. તેથી આપણે ખોટો નિર્ણય લઈએ છીએ. આપણે આપણી અને બીજાની ખુશીનો વિચાર કરવો જોઈએ અને એકબીજાને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. આપણે નાળુ ખોદવાને બદલે પુલ બાંધવો જોઈએ. પણ આ અણમોલ સંબંધોને સાચવવા માટે થોડું બલિદાન આપવું પડશે. અહમ અને નફરત આપણને આંધળા બનાવી દે છે. તેથી આપણે ખોટો નિર્ણય લઈએ છીએ. આપણે આપણી અને બીજાની ખુશીનો વિચાર કરવો જોઈએ અને એકબીજાને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. આપણે નાળુ ખોદવાને બદલે પુલ બાંધવો જોઈએ.

**ન્યૂઝ બ્રિફ**

## વરસાદને લીધે ખેડૂતોને લાખોનું થઈ શકે છે નુકસાન

। અમરેલી, તા.૨૯ ।

અમરેલી જિલ્લામાં અંદર સારો વરસાદ પડવાને કારણે ખેડૂતો દ્વારા વાવણી કરવામાં આવી હતી. અમરેલી જિલ્લામાં મુખ્ય પાક તરીકે મગફળી અને કપાસનું વાવેતર કરવામાં આવે છે પરંતુ સતત વરસાદ પડવાના કારણે મગફળીનો પાક નિષ્ફળતાના આરે પ હોંચ્યો છે.

અમરેલી જિલ્લાના સાવરકુંડલા, ખાંભા, ધારી, બાબરા, બગસરા, વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસવાને કારણે ખેડૂતોનો પાક નિષ્ફળ તરફ જઈ રહ્યો છે. મગફળીના પીળા પ ાન થવાના કારણે ખેડૂતોના માથે નુકસાનની ભીતિ મંડરાઈ રહી છે. સાવરકુંડલા તાલુકામાં મોટાભાગના ખેડૂતો દ્વારા મગફળીનું વાવેતર કરવામાં આવ્યું છે પરંતુ ધોધમાર અને સતત ૨૦ દિવસ વરસાદ પ ડવાના કારણે વરસાદી પાણી ખેતરની અંદર ફરી વળ્યા હતા જેથી ખેડૂતોમાં મુશ્કેલી સર્જાઈ હતી.

### ફરિયાદ કરી તો મારી નાખવાની આપી ધમકી

# ડોક્ટરની બેદરકારી પથરીની જગ્યાએ ૨૬ વર્ષીય યુવતીનું ગર્ભાશય કાઢી નાખ્યું

### સમગ્ર કેસની વાત કરીએ તો, ઉષા મૌર્યને પેટના નીચેના ભાગમાં તીવ્ર દુઃખાવો થતો હતો

। વારાણસી, તા.૨૯ ।

ડોક્ટરને ભગવાનનો દરજ્જો આપ વામાં આવ્યો છે. શરદી-ખાંસી અને તાવ હોય કે પછી કેન્સર... આપણે નાની-નાનીથી માંડીને મોટી બીમારીની સારવાર માટે ડોક્ટર પાસે દોડી જઈએ છીએ અને તેમની પર આંખ બંધ કરીને વિશ્વાસ કરીએ છીએ. આપણામાંથી મોટાભાગના તો ડોક્ટર દવા લખી આપી તે શેની છે અને તેનાથી શું અસર થશે તે પણ જોવાની તસ્દી લેતા નથી. પરંતુ કહેવાય છે કે, કોઈના પર પણ આંધળો વિશ્વાસ ભારે પડી શકે છે. વારાણસીના ચોલાપુર બ્લોકના બેલા ગામમાં રહેતી ૨૬ વર્ષીય યુવતીની જ વાત કરીએ તો, તેને પથરીના કારણે અસહ્ય પીડા થતી હતી તેની ટ્રિટમેન્ટ માટે તે હોસ્પિટલ ગઈ તો ડોક્ટરે પથરીના બદલે ગર્ભાશય કાઢી નાખ્યું હતું. આ વાતની જાણ પણ તેને ઘણા સમય બાદ થઈ હતી. જ્યારે તે ડોક્ટર પાસે ગઈ તો તેને ધમકી આપ વામાં આવી હતી. સમગ્ર કેસની વાત કરીએ તો, ઉષા મૌર્યને પેટના નીચેના ભાગમાં તીવ્ર દુઃખાવો થતો હતો. આ દુઃખાવો ઘણીવાર અસહ્ય બની જતો હતો. જે બાદ તેણે આશા કાર્યકરનો સંપ ર્ક કર્યો હતો, આ બધું ૨૦૨૦માં કોરોના કારણે લાગુ કરાયેલા પહેલા લોકડાઉન દરમિયાન થયું હતું. આશા વર્કર તેને ગોલામાં ખાનગી નર્સિંગ હોમ ચલાવતા ડો. પ્રવીણ તિવારી પાસે લઈ ગઈ હતી. થોડા ટેસ્ટ કરાવ્યા બાદ ઉષાને પિત્તાશયમાં પથરી હોવાનું નિદાન થયું હતું. ૨૮ મે ૨૦૨૦ના રોજ ડોક્ટરના જ ક્લિનિકમાં પથરી દૂર કરવા માટેનું તેનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. થોડા દિવસ બાદ તેને ડિસ્ચાર્જ કરવામાં આવી હતી, તે સમયે ઉષાને રાહત થઈ હતી અને હવે દુઃખાવાથી કાયમ મુક્તિ મળી ગઈ તેમ તેને લાગતું હતું. માર્ચ ૨૦૨૩માં ઉષાને ફરીથી પ ેટના નીચેના તે જ ભાગમાં આવો જ અસહ્ય દુઃખાવો ઉપડ્યો હતો. તેણે ડાયજેસ્ટિવની ગોળી ખાધી અને પીડાને દૂર કરવા માટે હોટ વોટર બેગનો શેક લીધો હતો. પરંતુ દુઃખાવામાં કોઈ ફરક પડ્યો નહોતો. આ વખતે તેને બનિયાપ ુરના અન્ય ખાનગી નર્સિંગ હોમમાં લઈ જવામાં આવી હતી. જ્યાં તપાસ કર્યા બાદ ચોંકાવનારો ખુલાસો થયો હતો, ડોક્ટરે તેને પથરી હજી એમ જ હોવાનું પરંતુ ગર્ભાશય ગાયબ હોવાનું થયું હતું. આઘાત પામેલી ઉષા ટેસ્ટ રિપ ોર્ટ્સ સાથે ડો. પ્રવીણ તિવારી પાસે ગઈ હતી અને સ્પષ્ટતા માગી હતી. જેના પર ડોક્ટરે તેને કથિત રીતે ધમકી આપવાનું શરૂ કરી દીધું હતું. પોલીસ સ્ટેશનના ઘણા ધક્કા ખાધા બાદ પણ ફરિયાદ ન નોંધવામાં આવતા, ઉષાએ સ્થાનિક કોર્ટના દરવાજા ખખડાવ્યા હતા.

### દક્ષિણ ગુજરાતમાં આકાશી આફત!

## પૂર્ણા નદી ભયજનક સપાટીની ઉપર, હાઈવે તથા ઘરોમાં પાણી ફરી વળ્યા

। નવસારી, તા.૨૯ ।

દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી, જેની અસર નવસારી, તાપી અને વલસાડ સહિતના ભાગોમાં જોવા મળી રહી છે. અતિભારે વરસાદની શક્યતાઓ કેન્દ્ર શાસિત પ્રદેશ દમણ અને દાદરા નગર હવેલીમાં પણ વ્યક્ત કરવામાં આવી છે. સુરત-નવસારી કોસ્ટલ હાઈવે પર ભારે વરસાદના કારણે પાણી ફરી વળ્યા છે. આ સિવાય ઔરંગા અને પ ૂર્ણા નદીના જળસ્તરમાં વધારો થતા નીચાણવાળા વિસ્તારોમાં તેની અસર જોવા મળી રહી છે. દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, ડાંગ, વલસાડમાં રાત્રે થયેલા વરસાદના કારણે ઠેરઠેર પાણી ભરાયા છે. ૨૨ કલાકમાં સૌથી વધુ ૨૮૬mm વરસાદ સુરતના મહુવામાં ખાબક્યો છે. જ્યારે નવસારી જિલ્લાના નવસારી તાલુકામાં ૨૭૧mm, ડાંગના સુબિરમાં ૧૯૬mm, સુરતના બારડોલીમાં ૧૮૬mm, નવસારીના જલાલપોરમાં ૧૭૯mm, વલસાડના કપ રાડામાં ૧૬૮mm વરસાદ થયો છે. પૂર્ણા નદી ભયનજક સપાટીની ઉપર વહી રહી છે જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં ભારે પાણી ભરાવાની ઘટના બની છે. પૂર્ણા નદીની ભયજનક સપાટી ૨૩ ફૂટ છે અને હાલ તે પાણી તેની ઉપર વહી રહી છે.

કલેક્ટર દ્વારા અગાઉથી નીચાણવાળા વિસ્તારમાં રહેતા ગ્રામજનોને સલામત સ્થળ પર ખસી જવાની સૂચના આપવામાં આવી છે. ભારે વરસાદના કારણે સુરત અને નવસારીના કોસ્ટલ હાઈવે પર પાણી ફરી વળ્યા છે.

### સુરતમાં સોનાની જગ્યા પર સુરતથી ૧.૧૦ કરોડના રફ હીરાની દાણચોરી

# હીરાની દાણચોરીમાં સામે આવ્યું દુબઇ કનેક્શન

### સુરતના વરાછા વિસ્તારમાં રહેતો જીગ્નેશ મોરડીયા નામનો યુવક ૪૯૧૦ કેરેટના રફ હીરા લઈ સુરતથી શાહજહાંની ફ્લાઈટમાં જવા નીકળ્યો હતો



। સુરત, તા.૨૯ ।

સુરતનું ઈન્ટરનેશનલ એરપોર્ટ સતત ચર્ચામાં રહ્યું છે કારણ કે શારજહાંથી સુરત આવતી ફ્લાઈટમાં સતત સોનાની દાણચોરી થતી હોવાની ફરિયાદો સાથે અનેક લોકો પકડાયા છે. અત્યાર સુધીમાં કસ્ટમ વિભાગે કરોડો રૂપિયાનું સોનું પણ ઝડપી પાડ્યું છે પરંતુ આ વખતે શારજહાંથી સુરત આવનાર વ્યક્તિ નહીં પણ સુરતથી શારજહાં જતા એક વ્યક્તિની તપાસ કરતા તેની પાસેથી ૧.૧૦ કરોડના રફ હીરા મળી આવ્યા હતાં. જોકે આ યુવકની પૂછપરછ કરતા આ હીરા તે સુરતથી દુબઈ અને દુબઈથી આફ્રિકા લઈ જતો હોવાની કબુલાત કરતા કસ્ટમ વિભાગે તપાસ શરૂ કરી છે. સુરતના ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર શારજહાંથી સુરતની ફ્લાઈટ શરૂ થતાની સાથે જ દાણચોરોને જાણે મોકળું મેદાન મળી ગયું હોય તેવું લાગી રહ્યું છે. છેલ્લા કેટલાક દિવસથી સુરતમાં સતત દાણચોરીનું સોનુ પકડાવાની ઘટના સામે આવી રહી છે. અત્યાર સુધીમાં કરોડો રૂપિયાનું સોનું ઝડપાઈ ચૂક્યું છે પણ આજની ઘટનાને સાંભળીને ભલભલા અને અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા કારણકે સુરતમાં સોનાની જગ્યા પર સુરતથી ૧.૧૦ કરોડના રફ હીરાની દાણચોરી થયા હોવાની વિગતો સામે આવી છે. સુરતના વરાછા વિસ્તારમાં રહેતો જીગ્નેશ મોરડીયા નામનો યુવક ૪૯૧૦ કેરેટના રફ હીરા લઈ સુરતથી શાહજહાંની ફ્લાઈટમાં જવા નીકળ્યો હતો. જો કે કસ્ટમ વિભાગે તેને એરપોર્ટ પર જ ઝડપી પ ાડ્યો હતો અને તેની પૂછપરછ કરતાં તે હીરા સુરતથી દુબઈ અને દુબઈથી આફ્રિકા મોકલવાનો હતો. જોકે અત્યાર સુધીમાં દેશ-દુનિયાના તમામ હીરા કટ અને પોલિશિંગ માટે સુરત આવતા હોય છે. ખાસ કરીને દુબઈ અને આફ્રિકાથી રફ હીરા સુરત આવતા હોય છે ત્યારે આ વખતે રફ હીરા સુરતથી શાહજહાં મારફતે દુબઈ મોકલવાને લઈને હવે કસ્ટમ વિભાગ પણ એક સમય માટે વિચારમાં પડી ગયું હતું. જો કે આ યુવકની અટકાયત કરી તેની પૂછપરછ શરૂ કરવામાં આવી ત્યારે કહી શકાય કે કસ્ટમ ચોરીનો અજીબ કિસ્સો સામે આવતા અધિકારીઓએ પણ માથું ખંજવાળવાનો વારો આવ્યો હતો. જણાવી દઈએ કે, ડાયમંડ સિટી સુરતના હીરા ઉદ્યોગને કારણે ઘણાં સમય પહેલાં શારજહાંની એક ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ કરવામાં આવી હતી. આ ફ્લાઈટ જાણે દાણચોરો માટે આશિર્વાદરૂપ બની હોય તેવા કિસ્સા દર અઠવાડિયે સામે આવતા હોય છે. જો કે આ યુવકની અટકાયત કરી તેની પૂછપરછ શરૂ કરવામાં આવી ત્યારે કહી શકાય કે કસ્ટમ ચોરીનો અજીબ કિસ્સો સામે આવતા અધિકારીઓએ પણ માથું ખંજવાળવાનો વારો આવ્યો હતો. જણાવી દઈએ કે, ડાયમંડ સિટી સુરતના હીરા ઉદ્યોગને કારણે ઘણાં સમય પહેલાં શારજહાંની એક ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ કરવામાં આવી હતી. આ ફ્લાઈટ જાણે દાણચોરો માટે આશિર્વાદરૂપ બની હોય તેવા કિસ્સા દર અઠવાડિયે સામે આવતા હોય છે.

### ગુજરાતમાં ફરી એકવાર વરસાદી માહોલ જામ્યો છે

## ડાંગમાં ભારે વરસાદથી ભેખડો ઘસી, અનેક રસ્તાંઓ બંધ

### જિલ્લામાં સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે, જિલ્લાના મુખ્ય મથક આહવા પાસે આવેલા શીવગઢમાં વરસાદનું રૌદ્ર રૂપ જોવા મળ્યુ છે

। અમદાવાદ, તા.૨૯ ।

ગુજરાતમાં ફરી એકવાર વરસાદી માહોલ જામ્યો છે, વરસાદે ચોથા રાઉન્ડની શરૂઆતમાં દક્ષિણ ગુજરાતના કેટલાય વિસ્તારોને જળબંબાકાર કરી દીધા છે. આ બધાની વચ્ચે હવે ડાંગ જિલ્લામાં ભારે વરસાદથી જનજીવન ઠપ્પ થવાના સમાચાર સામે આવ્યા છે. માહિતી પ્રમાણે, ડાંગ જિલ્લામાં ગઈકાલેથી વરસાદી માહોલ છે, જિલ્લામાં સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે, જિલ્લાના મુખ્ય મથક આહવા પાસે આવેલા શીવગઢમાં વરસાદનું રૌદ્ર રૂપ જોવા મળ્યુ છે. ભારે વરસાદથી મુખ્ય મથક આહવાથી ૪ કિલોમીટર દૂર આવેલો છે શિવઘાટમાં પાણી ભરાયા છે, અહીં પાણીનો પ્રવાહ વધતા અનેક માર્ગો બંધ કરાયા છે. આ બધાની વચ્ચે સાપુતારાથી આહવા જતા માર્ગ ભારે વરસાદથી તબાહીના દ્રશ્યો સામે આવ્યા છે, અહીં મોટી મોટી ભેખડો રોડ-રસ્તાં પર ઘસી આવ્યા છે, આ કારણે મુખ્ય માર્ગ સહિત બીજા કેટલાય માર્ગોને બંધ કરવામાં આવ્યા છે. આ સ્થિતિને જોતા પ્રવાસીઓને પણ કોઝવે નજીક ના જવા માટે ડાંગ વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. ભારે વરસાદની આગાહી વચ્ચે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. સુરત, નવસારી, વલસાડ, ડાંગ, તાપીમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તાપી, ડાંગ,નવસારી, વલસાડમાં રાતભર વરસાદ વરસ્યો હતો. આ દરમિયાન હવામાન વિભાગે રાજ્યમાં આગામી ૩ કલાક દરમિયાન વરસાદની આગાહી કરી છે. આગામી ૩ કલાક દરમિયાન ગુજરાતના પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર જેવા જિલ્લાઓમાં હળવાથી મધ્યમ ગાજવીજ સાથે વરસાદની સંભાવના છે.

### દક્ષિણ ગુજરાતમાં દે ધનાધન!

## ૨૪ કલાકમાં સૌથી વધુ સુરતના મહુવામાં ૧૧ ઈંચથી વધુ વરસાદ

### ૨૪ કલાકમાં નવસારી તાલુકામાં ૧૦.૬ ઈંચ વરસાદ નોંધાયો છે, આ સિવાય ડાંગના સુબિરમાં ૭.૭ ઈંચ

। સુરત, તા.૨૯ ।

ગુજરાતમાં વરસાદના ત્રીજા રાઉન્ડ બાદ વિરામ લીધો હતો પરંતુ દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ ધડબડાટી બોલાવી છે. દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, ડાંગ, વલસાડ તાપી સહિતના ભાગોમાં રાત્રે ભારેથી અતિભારે વરસાદ નોંધાયો છે. નદીઓના જળસ્તરમાં વધારો થયો છે. આ સિવાય ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળ્યા છે. નવસારી-સુરત કોસ્ટલ હાઈવે તથા નીચાણવાળા વિસ્તારોમાં રહેતા ઘરોમાં પાણી ભરાઈ ગયા છે. ૨૪ કલાક (૨૭મી જુલાઈના સવારના ૬ વાગ્યાથી ૨૮મીના સવારના ૬ વાગ્યા સુધી)માં રાજ્યના ૧૩૯ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે, જેમાં સૌથી વધારે વરસાદ દક્ષિણ ગુજરાતમાં નોંધાયો છે. સુરતના મહુવામાં ૧૧.૮ ઈંચ તોફાની વરસાદ થયો છે. મોડી રાત્રે પણ કેટલાક ભાગોમાં થયેલા ભારે વરસાદના કારણે સ્થિતિ કપરી બની છે. આ સિવાય દક્ષિણ ગુજરાતના અન્ય ભાગોમાં પણ ભારેથી અતિભારે વરસાદ નોંધાયો છે. ૨૪ કલાકમાં નવસારી તાલુકામાં ૧૦.૬ ઈંચ વરસાદ નોંધાયો છે. આ સિવાય ડાંગના સુબિરમાં ૭.૭ ઈંચ, સુરતના બારડોલીમાં




૭.૬ ઈંચ, નવસારીના જલાલપોરમાં ૭.૩ ઈંચ વરસાદ ખાબક્યો છે. વલસાડના કપરાડામાં ૭.૧ ઈંચ વરસાદ નોંધાયો છે. પૂર્ણા નદી ભયનજક સપ ાટીની ઉપર વહી રહી છે જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં ભારે પાણી ભરાવાની ઘટના બની છે. પૂર્ણા નદીની ભયજનક સપાટી ૨૩ ફૂટ છે અને હાલ તે પાણી તેની ઉપર વહી રહી છે. કલેક્ટર દ્વારા અગાઉથી નીચાણવાળા વિસ્તારમાં રહેતા ગ્રામજનોને સલામત સ્થળ પર ખસી જવાની સૂચના આપવામાં આવી છે. આજના દિવસે વલસાડ, નવસારી અને કેન્દ્ર શાસિત પ્રદેશ દમણ, દાદરા નગર હવેલીમાં ભારેથી અતિભારે વરસાદ થવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. આ સિવાય રાજ્યના દક્ષિણ ભાગના સુરત, ડાંગમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.









માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨